**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો C/o ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર(ફોન- ૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રેમભરી સદ્‌ભાવભરી પ્રશંસનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| નૂતનવર્ષ–દિવાળી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| મહાત્મા યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા | ડો. અરૂણિકા દરૂ | ૧૨ |
| શુભ સંકલ્પનું બળ | ડો. કાલિદાસ પ્રજાપતિ | ૧૭ |
| પ્રેમ | કુન્દનીકા કાપડીયા | ૧૯ |
| Question & Answer Session with Maa | Maa | 24 |
| મારું સ્વર્ગારોહણ રૂડું મારે વૈકુંઠ નથી જાવું. | વિનોદિની પટેલ | ૨૯ |
| સ્વર્ગારોહણનું સોહામણું સેવાપુષ્પ | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૩૩ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૩૯ |
| તમારા જીવનનો દોર તમારા હાથમાં લો | કાંતિ ભટ્ટ | ૪૨ |
| માણસથી મોટું તીર્થ નથી કોઇ પ્રેમનું | ડો. શરદ ઠાકર | ૪૭ |
| શ્રદ્ધામય પ્રાર્થના | ડો. પ્રકાશ ગજ્જર | ૫૨ |
| પ.પૂ. શ્રી સર્વેશ્વરીની પનામા યાત્રા | મા સર્વેશ્વરી | ૫૪ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# પ્રેમભરી સદ્‌ભાવભરી અભિનંદનીય

## સહાય

**મૌન રહી દર વર્ષે દરીદ્રનારાયણને યાદ કરી, સ્વર્ગારોહણ આવીને સત્કર્મ કરતાં રહો છો.**

**શ્રદ્ધા ભક્તિથી સેવાની જ્યોતને સંકોરતાં સંકોરતાં અધ્યાત્મ માસિકને પણ યાદ કરતાં રહો છો.**

**એવાં હે શાન્તાબહેન તથા શ્રીરમેશભાઈ આપને અભિનંદન.**

**આ અંક તેઓના પરિશ્રમના પ્રસાદરૂપે પ્રકાશિત થઈ રહ્યો છે. તે બદલ આભાર.**

**—મા સર્વેશ્વરી**



# નૂતનવર્ષ—દિવાળી

**યોગેશ્વરજી**

યોગી ભર્તૃહરિએ પોતાના વૈરાગ્યશતકમાં કહ્યું છે:

**यत्रानेकः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको**
**यत्राप्येकस्तदनु बहवस्तत्र चान्ते न चैकः ।**
**इत्यं चेमै रजनिदिवसौ दोलयनि द्वविवाक्षो**
**कालः काल्या भुवनफलके क्रीडति प्राणिशारैः ॥**

અર્થાત્ એક ઘરમાં અનેક માણસો હતાં ત્યાં એક જ દેખાય છે. જ્યાં એક માણસ હતો ત્યાં કેટલાય થયા અને અંતે કોઈ પણ બાકી ના રહ્યું. એવી રીતે રાત અને દિવસના બે પાસા ફેંકતો કાળ પ્રાણીઓરૂપી સોગટીઓથી સંસારરૂપી વિશાળ સનાતન ચોપાટ પર કાળ સાથે ક્રીડા કરે છે.

એ કાળક્રીડાનું એક વિશેષ ચક્ર પૂરું થયું. એના વિશાળ રંગમંચ પરના એક અનોખા અભિનયનો અંત આવ્યો. એનો એક અંક પૂરો થયો. એની ઉપર કામચલાઉ પડદો પડી ગયો. એક વર્ષ—અલબત્ત માનવીય ગણના પ્રમાણેનું એક વર્ષ—પૂરું થયું. નૂતનવર્ષ અથવા બેસતા વર્ષનું એ પર્વ યુગોથી ઉજવાઈ રહ્યું છે તો પણ પુરાણું નથી થયું, નીરસ નથી બન્યું અથવા ઓછું આકર્ષક નથી રહ્યું. આજે પણ એને એવા જ અવનવા આનંદપૂર્વક ઉજવવામાં આવે છે. રોજ મોડા ઉઠનારા માણસો આજના પવિત્ર પર્વ દિવસના માહાત્મ્યનું સ્મરણ કરીને શાસ્ત્રમર્યાદાનું પાલન કરતા હોય તેમ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી ગયા હશે, સ્નાનાદિથી નિવૃત્ત થયા હશે, અથવા સાલમુબારક કહીને

પ્રસન્ન થયા હશે. નાના—મોટાને પગે લાગ્યા હશે અથવા એમને પ્રણામ કરીને એમના શુભાશીર્વાદ મેળવીને ધન્ય બન્યા હશે. નવાં વસ્ત્રો પહેરવાનું, મિષ્ટાન્ન જમવાનું ને મિત્રો મુરબ્બીઓ ને પૂજ્ય પુરુષોને મળવાનું આજે સવિશેષ ધ્યાન રખાયું હશે. આજનો દિવસ એવી રીતે આનંદનો ને ઉત્સવનો હશે.

કાળચક્રનું એક વિશેષ વર્ષ પૂરું થયું ને એક વિશેષ વર્ષ આરંભાયું. આપણે એનો ઉત્સવ કરીએ તે બરાબર છે. ઉત્સવ કરવાનો આપણને અધિકાર છે. આપણો સ્વભાવ છે પરંતુ એથી આગળ વધીને આપણે ચિંતન પણ કરવું જોઇએ અથવા કહો કે આત્મનિરીક્ષણ. વીતેલા વરસનો વિચાર કરીને એની સફળતાઓનું સરવૈયું કાઢીને, તથા ગુણદોષોનો હિસાબ કરીને ક્ષતિઓને દૂર કરવાનો ને વિશેષતાઓને વધારવાનો, અશુભમાંથી મુક્તિ મેળવવાનો ને શુભને વધારે ને વધારે પ્રમાણમાં સુદૃઢ કરવાનો સંકલ્પ કરીએ, કાર્યક્રમ ઘડીએ અને એને વફાદાર રહીએ. આપણા જીવનના આદર્શોનું સ્મરણ કરીએ, જે લક્ષ્યાંકોની સિદ્ધિ કરવાના સંકલ્પો સેવ્યા છે તેમને સફળ કરવાના સંકલ્પો કરીએ. વીતેલા વર્ષના રાગદ્વેષો, મતભેદો, ને મનભેદો, ઈર્ષ્યાઓ ને મતમત્સરોને દફનાવી દેવાની કોશિશ કરીએ. જીવનને નવા વર્ષ દરમિયાન નવો આકાર આપવાનો નિર્ણય લઈએ, તો નૂતન વર્ષ સાચોસાચ નૂતનવર્ષ બની શકે ને કેલેન્ડરમાં જ ના રહે પરંતુ જીવનમાં મૂર્તિમંત બને. નૂતનવર્ષમાં માનવમાત્રને માટે એવી રીતે ઘણી ઘણી શક્યતાઓ રહેલી છે. એમને સાકાર કરીએ તો નૂતનવર્ષનો ઉત્સવ સફળ બને. બાકી તો કાળદેવતા પોતાનું કાર્ય કર્યે જાય છે, અને એક દિવસ નૂતનવર્ષની પરંપરા પણ પૂરી



થશે. કારણ કે એનો ઉત્સવ કરવા માટે આપણે હોઈશું પણ નહિ.

આજના પવિત્ર પર્વ દિવસે કેવળ હાથ ના મેળવીએ, હૈયા પણ મળે એવું કરીએ. કેવળ મુખમાંથી જ મંગલ શબ્દોચ્ચાર ના કરીએ, અંતરને પણ અભિલાષાઓથી અલંકૃત ને શુભ ભાવનાઓથી ભરપૂર કરીને બોલતું કરીએ. આજે આંખમાં જ ચમક ના હોય, અંતરમાં અને આત્મામાં પણ હોય. વસ્ત્રપરિધાન કેવળ બહારનાં જ ના હોય, અંદરના—સદાવિચાર, સદ્ભાવ ને સત્કર્મોનાં—પણ હોય ને સાલ મુબારક બને ને બરબાદ ના થાય એને માટેનું અનુકૂળ મંગલમય આચરણ કરવાનો નિરધાર કરીએ. નૂતન વર્ષ આપણે માટે જ નહિ બીજા બધાને માટે, વધારેમાં વધારે માનવોને માટે, સમસ્ત રાષ્ટ્ર ને સંસારને માટે, સુખશાંતિ સમૃદ્ધિદાયક કલેશવિદારક, કલ્યાણકારક નૂતન વર્ષ બને એવું આપણે ઈચ્છીએ. આજના દિવસ દરમ્યાન જે ચેતના, ઉત્સાહ, સદ્ભાવ ને તરવરાટ દેખાય છે તે આવતીકાલે શમી ના જાય પરંતુ કાયમ રહે, દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધ્યા કરે, અને એવી રીતે નૂતન વર્ષ આજના દિવસ પૂરતું મર્યાદિત નહિ પરંતુ કાયમનું બને એને માટે આપણે પ્રમાણિકપણે પ્રયત્નો કરીએ.

દિવાળી ને નૂતન વર્ષનાં પર્વો એકમેકની સાથે સંકળાયેલાં છે. દિવાળી વર્ષનો છેવટનો દિવસ અને લક્ષ્મીપૂજનનો ઉત્સવ દિવસ મનાય છે. એ દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરે છે. માણસે એવી રીતે પોતાના વીતેલા વરસના જીવનરૂપી ચોપડાને પૂરેપૂરો તપાસવો જોઇએ, ને જમા—ઉધારના પાસાનો પૂરેપૂરો વિચાર કરવો જોઇએ.

દિવાળીના દિવસે ઘરમાં ને બહાર દીવા કરવામાં આવે છે. એ દીવા શાને માટે છે ને શેના છે? માનવના જીવનમાં, દિલ અને દિમાગમાં એવા જ દીવા પ્રગટાવવાના છે. સ્નેહના, દયાના, શીલના, સંયમના, જ્ઞાનના, સંપના, સદ્‌ભાવના ને સેવાભાવનાં દીવા. જ્યાં જ્યાં અવિદ્યારૂપી આસુરી સંપત્તિનો અંધકાર છે ત્યાં ત્યાંથી તેને દૂર કરવાનો છે, ને નવા પ્રકાશને પ્રગટાવવાનો છે. આપણે જે બહારના દીવા કરીએ છીએ તે એની દીક્ષા માટે છે. આપણી અંદર પણ એવા દીવા થવા જોઈએ. સંપ, સ્નેહ, સહકારના એવા દીવા સમાજમાં પણ સર્વત્ર થવા જોઈએ. એને માટે આપણે આપણી શક્તિના પ્રમાણમાં બીજાને મદદરૂપ થવાનું વ્રત લેવું જોઈએ. સમાજમાં જ્યાં જ્યાં નિરક્ષરતા, દીનતા, ભેદભાવ, દુઃખ અને એવા બીજા અંધકારના અવશેષ છે ત્યાં ત્યાંથી તેમને દૂર કરીને પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરવો જોઈએ.

દિપક આત્માનું પણ પ્રતીક છે. આત્માને શાસ્ત્રોમાં જ્યોતિઓનો જ્યોતિ કહ્યો છે. એ જ્યોતિને ઓળખવા માટે પવિત્ર, પ્રેમમય, પ્રકાશિત જીવન જોઈએ. એને સારું સમજપૂર્વકની સાધના જોઈએ. દિપક પ્રકટાવીને, મંદિરમાં અખંડ દિપક રાખીને ને દિપકની ઉપાસના કરીને આપણે આત્માનું સ્મરણ કરીએ છીએ અને આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ સેવીએ છીએ ખરા? એવો સંકલ્પ ના સેવતા હોઈએ તો સેવવો જોઈએ. તો જ દિપાવલીનો ઉત્સવ સાર્થક ઠરી શકે.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૪ ઓક્ટોબર—૨૦૧૧ અંક ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**સ્થળઃ—"મુંબઈથી અમદાવાદ**

**તા.૨/૪/૮૨ શુક્રવાર, રામનવમી**

આજે અમદાવાદ જવાનું છે. પૂ.શ્રી તૈયારી કરી લે છે. લેખનના કાગળો મૂકી દે છે. આજે પણ લેખનકાર્ય તો નિયમિત થયું.

બપોરે મુલાકાત પણ થઈ. રામનવમી હતી જેથી પૂ.શ્રીએ ફલાહાર લીધો. બે વાગ્યે વિદાય થયાં. ઘરનાં યજમાન શ્રી પ્રવીણાબેને પૂ.શ્રીને પૂષ્પાહાર અર્પણ કરી સર્વમંગલ ટ્રસ્ટને એક રકમ ભેટ આપી. વિમાન મથકે પાંચ છ ભાઈબેનો પૂ.શ્રીને ખાસ મળવા વિદાય માટે આવ્યાં હતાં. ૪૨ મિનિટના ઉડ્ડયનમાં જ મુંબઈથી અમદાવાદ ૪૯૪ નંબરના વિમાનમાં સીટ ૧ ઈ ઉપર બેસીને આવી ગયાં. અમદાવાદ વિમાની મથકે છ ભાઈઓએ પૂ.શ્રી ને સર્વેશ્વરીનું સ્વાગત કર્યું. પૂ.શ્રીના

નાનાબેન શ્રી તારાબેનની માંદગીના સમાચાર જાણી પૂ.શ્રી મણીનગર થઈને ઉતારા ઉપર પહોંચ્યા.

ઉતારા ઉપર આવી પૂ.શ્રીએ દૂધ ફળ લઈ આરામ કર્યો.

**તા.૩/૪/૮૨ શનિવાર**

**સ્થળઃ 'પ્રયાગ' ૨, નરસિંહનગર, નારણપૂરા ચાર રસ્તા.**

આજે ખાસ નોંધ ન હતી. પ્રવચનનો આજે પ્રથમ દિવસ હતો. સમર્થેશ્વર મહાદેવના મેદાનમાં આજે સાંજે પ્રવચન થયું. પ્રવચન બાદ ખાસ નોંધ ન હતી.

**તા.૪/૪/૮૨ રવિવાર**

આજે પૂ.શ્રી પોતાને નિયમ મુજબની દિનચર્યા શરૂ કરી દે છે. નિયમિત વ્યાયામ, નિયમિત લેખન, નિયમિત જપ.

આજે મુલાકાતમાં શ્રી અમીનસાહેબ મળવા આવે છે. તેઓ માંદગીના બિછાને છે. જેથી ડોકટરોની જ વાતો થાય છે. વળી આજે રવિવાર જેથી મુલાકાતી ઘણાં ભાઈબેનો આવ્યા છે. સૌરાષ્ટ્રના શ્રી સુતરિયા પણ આવ્યા છે. તેઓને પૂ.શ્રી થોડીવાર પછી દોહા ગાવાનું કહે છે. તેઓએ દોહાઓ ગાયા જેમાં યોગેશ્વરજી ને સર્વેશ્વરીની પ્રશંસા કરવામાં આવી હતી.

દોહા સાંભળ્યા પછી પૂ.શ્રીએ સર્વેશ્વરીનો એક અનુભવ મુંબઈમાં એક બેનને થયો તે કહી સંભળાવ્યો. પછી વળી એના અનુસંધાનમાં બોલ્ટનનો એક અનુભવ કહી સંભળાવી મસૂરીના ટીહરી ગઢવાલના રાજકુમારનો એક અનુભવ કહી સંભળાવ્યો.

પછી એ અનુભવ માટેની પાત્રતાની વાતો થઈ ત્યાં તો સમય પૂરો થયો. આજે વડોદરાથી શ્રી જીતુભાઈ પણ આવ્યા છે. તેમની સાથે થોડી વાતો થઈ.



સૌને પ્રસાદ વિતરણ થયું. સૌ વિદાય થયા. પૂ.શ્રીએ આરામ કર્યો.

સાંજે આજે બીજુ પ્રવચન થયું. પૂ.શ્રીના જન્મસ્થાનમાં શાળાના ઉદ્ઘાટન માટે પૂ.શ્રી સાથે વાત કરવા એક ભાઈ આવે છે, પૂ.શ્રીએ સંમતિ આપી.

રાત્રે પ્રવચનબાદ ઉતારા ઉપર આવી ગયા.

**તા.૫/૪/૮૨ સોમવાર**

આજે મુલાકાતમાં કેટલાક પ્રશ્નો પૂછાયા જેમાં પ્રાણાયામ, આસનો, ક્રિયાઓ, બંધ વિ. ની વાત થઈ.

પ્રશ્ન પૂછનાર પોતે વ્યાયામ કરતા હતા. તેમનો ઉત્સાહ ઘણો હતો.

**પ્રશ્નઃ—**મારે તો આત્મજ્ઞાન જ મેળવવું છે. પણ મન સ્થિર થવું જોઈએને?

**પૂ.શ્રીઃ—**એ તો જે બેન્ક બેલેન્સ લઈને આવ્યા હોય તો ફેર પડે. નવું ખાતુ ખોલાવે તેને તો વાર જ લાગે ને. બેન્ક બેલેન્સ છે કે નહીં તે તો ધ્યાનમાં જપમાં બેસીએ ને મન સ્થિર થઈ જાય તો જાણવું કે પૂર્વેની કમાણી છે. નાની ઉમરમાં જ પ્રભુમાર્ગે જવાની ઈચ્છા થાય તે પણ બેન્કબેલેન્સવાળા છે એમ જાણવું.

**પ્રશ્નઃ—**આપે પ્રવચનમાં જણાવ્યું કે પ્રભુની ઈચ્છા મુજબ હું ચાલું છું તો પ્રભુની ઈચ્છા એટલે શું?

**પૂ.શ્રીઃ—**સાધના કરતાં કરતાં જેમ જેમ આગળ વધીએ તેમ તેમ પ્રભુની શક્તિ આપણી અંદર ને બહાર કામ કરવા માંડે. એ શક્તિને વરસો સુધી સર્વસમર્પણ કર્યુ. કેટલી કઠોર સાધના, વ્રત ઉપવાસો કર્યા પછી એ શક્તિની કૃપા મળી. પછી એ

પરમશક્તિ પ્રભુ કે મા જગદંબા જે કહો તે પોતે શું ઇચ્છે છે તે જાણી શકાય છે. એ કેવી રીતે થયું તે પહેલાં શું શું કર્યુ તે પ્રકાશના પંથે પુસ્તક વાંચો એટલે ખ્યાલ આવશે.

સમય પૂરો થતાં સૌ વિદાય લે છે.

આજે પૂ.શ્રીએ ભોજનમાં ભાખરી ને રાબ લીધા. મુલાકાત બાદ છાશની લસ્સી પૂ.શ્રી લે છે. પછી આરામ કરે છે.

આરામ કરતાં પહેલાં વાતોમાં પૂ.શ્રી કહે છે.

સામાન્ય માણસ શું સમજી શકે. પ્રભુની ઇચ્છા જાણવી ને તે પ્રમાણે કરવું તે અંગે અરે મોટા મોટા સંતો ને મહંતો પણ સમજી શક્તા નથી.

પૂ.શ્રી થોડો આરામ કરે છે. સર્વેશ્વરી નોંધ કરે છે.

સાંજે પ્રવચન માટે સમયસર સમર્થેશ્વર મહાદેવના સ્થાનમાં જવાનું બન્યું. ત્યાં મંચ ઉપર પૂ.શ્રીની બેઠક પાસે જ સર્વેશ્વરીની પણ અલગ બેઠક હોય છે. શ્રી બાબુભાઇ વોરા અહીંના પ્રવચનના આયોજક છે.

પ્રવચન બાદ પૂ.શ્રી ઉતારા ઉપર આવી હળવો નાસ્તો લઇ આરામ કરે છે. આરામ સાથે હંમેશની જેમ પ્રાર્થના અને જપ પૂ.શ્રી વરસોથી કરે છે. તે આજે પણ ચાલુ જ છે.

(ક્રમશઃ)

ઈશ્વર અમુક પાત્રોને પસંદ કરે છે. અર્થાત—એ પાત્ર પૂર્વકમાઇ લઇને આવ્યું હોય છે.

સાધનાપંથે અસંતોષ પણ જરૂરી.

—મા



# મહાત્મા યોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા

—ડૉ. અરૂણિકા દરૂ

## સ્વામી શિવાનંદજીના આશ્રમમાં

યોગેશ્વરજી સરોડાથી વડોદરા આવી, દિલ્હી થઇને હરદ્વાર આવ્યા. ત્યાંથી ઋષિકેશ શિવાનંદ–આશ્રમમાં આવ્યા. તેમને મળ્યા. શિવાનંદજીનું વ્યક્તિત્ત્વ પ્રભાવશાળી હતું. યોગેશ્વરજીને તેમણે ઓળખી લીધા. તેમને જોઇને ખુશ થયા પણ પછી તેમના મુખ પર જરા અણગમાની છાયા ફરી વળી, કારણકે તેમણે યોગેશ્વરજીને પ્રત્યુત્તરમાં હજુ થોડી રાહ જુઓ એમ જણાવ્યું હતું. યોગ્ય સમય આવતાં તેમને બોલાવી લેવામાં આવશે એવી સૂચના પણ કરેલી. યોગેશ્વરજીને મન તો યોગ્ય સમય આવી જ ગયો હતો. પત્ર દ્વારા તેની ઝાંખી કરાવી શકાય નહીં એમ વિચારીને, ઋષિકેશ જઇ, પ્રત્યક્ષ મળીને શિવાનંદજીને પોતાની પરિસ્થિતિથી વાકેફ કરવાના વિચારે તેમણે ઋષિકેશ પહોંચવાનો નિર્ણય કર્યો હતો. એટલે શિવાનંદજીએ જ્યારે 'તમે ઉતાવળ કરી' એમ કહ્યું ત્યારે યોગેશ્વરજીએ જણાવ્યું કે જગતમાં બધે મને પરમતત્ત્વની ઝાંખી થયા કરે છે પણ તે તત્ત્વને સાક્ષાત્ કરી, તેનું સાકાર દર્શન કરવાની મારી ઇચ્છા પૂર્ણ ન થાય ત્યાંસુધી મને ચેન પડે તેમ નથી, એટલે અહીં રહેવાનો નિશ્ચય કરીને જ હું આવ્યો છું.

સ્વામીજીએ તેમને પાછા જવાની સલાહ આપી, પણ યોગેશ્વરજીનો પાછા ન ફરવાનો મક્કમ નિર્ણય જાણી તેમને પોતાના આશ્રમના કીર્તનખંડમાં ઉતારો આપ્યો. એ

આશ્રમનિવાસ દરમ્યાન ત્રીજા દિવસની રાત્રે કાયાપલટ થઈ જાય એવો અલૌકિક અનુભવ થયો. બુદ્ધ ભગવાનનાં દર્શન પછી જાગૃત દશામાં થયેલો જીવનનો આ બીજો દિવ્ય અનુભવ હતો. તેથી મનમાં અખંડ અનંત શાંતિ ફરી વળી. રાત્રે પ્રાર્થના પછી ધ્યાનાવસ્થામાં પ્રથમવાર દેહભાન ભુલાયું અને અંતરના ઊંડાણમાંથી શબ્દો સંભળાયા''તમે નિત્ય સિદ્ધ છો, નિત્ય બુદ્ધ છો, નિત્ય મુક્ત છો. માયાના બંધનમાં તમે કદી નહીં પડો'' આ ઘટનાથી જીવનની ધન્યતાનો અનુભવ થયો. આશ્રમનિવાસનો હેતુ સિદ્ધ થતાં તેમણે મામાને પત્ર લખી વિગત જણાવી. વડોદરા પાછા ફરવા જરૂરી પૈસા મંગાવ્યા. પૈસા આવતાં પંદરેક દિવસમાં જ આશ્રમની વિદાય લઈ ગુજરાત પાછા ફર્યા. એ અલૌકિક અનુભવ ઉત્તમ હતો પણ અંતિમ ન હતો હજુ તે માટે વિશેષ સાધના કરવાની આવશ્યક્તા હતી.

### વ્યાવસાયિક કારકિર્દી

યોગેશ્વરજીને પોતાના તથા માતાજીના નિભાવ માટે કોઈ વ્યવસાય કરવો જરૂરી હતો. એમણે ભાઈલાલમાંથી યોગેશ્વરજી બનતાં સુધીમાં ત્રણેક અલગ અલગ વ્યવસાય કર્યા હતા. શાળામાં શિક્ષક તરીકે ભાદરણમાં વિદ્યાલયમાં એક વર્ષ નોકરી કરી, ત્યાંથી સંજોગવશાત્ છૂટા થવું પડ્યું.

ઈ.સ. ૧૯૪૨માં બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે કામગીરી સંભાળી ત્યારે પોતાની જાતને ગાંધીજીના આધ્યાત્મિક વારસ માનીને તેઓ નિયમિત રેંટિયો ફેરવતા અને ખાદી પહેરતા. ભારતના આધ્યાત્મિક ગુરુપદ માટે શ્રીરામકૃષ્ણ જેવા મહાપુરુષ—જેનામાં શંકરનું મસ્તિષ્ક, બુદ્ધનું હૃદય અને શ્રીકૃષ્ણના કર્મયોગનું મિશ્રણ હોય—ની જરૂર છે એવું સ્વામી વિવેકાનંદે તેમના વ્યાખ્યાનોમાં કહેલું. એટલે એ કાર્ય પોતાને



કરવાનું છે એવું યોગેશ્વરજી પોતે માનતા. તેમના મનમાં એક તરફ વ્યક્તિગત સાધના અને બીજી તરફ સમસ્ત માનવજાતિના કલ્યાણની ઈચ્છા—એમ બે પ્રવાહો સાથે સાથે ચાલતા હતા.

આ સમય દરમ્યાન સિદ્ધ યોગી થવું, પંચમહાભૂતના સ્વામી થવું છે એવી દૃઢ ઈચ્છા તેમના મનમાં હતી. એટલે યોગની પ્રાણાયામ જેવી ક્રિયાઓનો અભ્યાસ કરાવી શકે તેવા મહાપુરુષનું માર્ગદર્શન યોગેશ્વરજી ઝંખતા હતા. તેવામાં વડોદરામાં રણમુક્તેશ્વર મહાદેવના મંદિરને મેડે રહેતા બંગાળી સાધુ શાંતાશ્રમના પરિચયમાં તેઓ આવ્યા. એક વાર સિનોરમાં નર્મદા નદીમાં સ્નાન કરતાં મગરે આ સ્વામીનો હાથ કરડી ખાધેલો, ત્યારથી લોકો તેમને મગરસ્વામીને નામે ઓળખતા. આ મગરસ્વામીએ તે પછીથી વડોદરામાં નિવાસ કરેલો. યોગેશ્વરજીને તેમણે નવરાત્રી દરમ્યાન મંત્રદીક્ષા પણ આપેલી. ખેચરી મુદ્રા કરી બતાવી, તેનું રહસ્ય પણ સમજાવેલું. એક એવી મુદ્રા કરાવેલી જેથી યોગેશ્વરજીને પ્રકાશનો અનુભવ થયેલો. તેથી તમારી કુંડલિની જાગ્રત છે એમ સ્વામીજીએ તેમને જણાવેલું. દીક્ષા પહેલાં આહારમાં સંયમ જરૂરી હોવાથી યોગેશ્વરજીએ પોતાના ખોરાકમાંથી તેલ, આંબલી, મીઠું, મરચું હળદર છોડેલાં. રોજના હજાર જપ કરવાના સ્વામીજીએ સૂચવેલા તે તેઓ નિયમિત પણે કરતા.

યોગેશ્વરજીએ ત્રીજો અને અંતિમ વ્યવસાય કર્યો ઋષિકેશમાં દેવકીબાઈની ધર્મશાળાના મેનેજર તરીકે. આ અનુભવ દસેક માસ લીધો. દેવકીબાઈની છેલ્લી અવસ્થામાં ચાકરી કરનાર લક્ષ્મીબાઈ નામે મહિલા દેવકીબાઈના મૃત્યુ પછી તે ધર્મશાળાની સર્વેસર્વા બની બેઠી હતી. ધર્માદા ટ્રસ્ટની સંસ્થા હોવા છતાં તે લક્ષ્મીબાઈ પોતે જ ભાડું ઉઘરાવી લેતી. લક્ષ્મીબાઈ તે

ધર્મશાળાનો માલિકીભાવ છોડવા માગતી ન હતી તેથી ટ્રસ્ટીઓએ કરેલી યોગેશ્વરજીની મેનેજર તરીકેની નિમણૂક તેને આંખના કણાની જેમ ખૂંચતી હતી. પોતાનો વિરોધ તે અપશબ્દો દ્વારા વ્યક્ત કરતી. લક્ષ્મીબાઇનો દુર્વ્યવહાર યોગેશ્વરજી માટે કસોટીરૂપ હતો.આ કસોટીમાંથી તેઓ સફળતાથી પાર ઉતર્યા હતા. દસેક માસ પછી યોગેશ્વરજી જ્યારે દેવપ્રયાગ ગયા હતા ત્યારે તેમની ગેરહાજરીમાં લક્ષ્મીબાઇનું મૃત્યુ થયું. મરતાં પહેલાં તેણે પોતાની ભૂલ સ્વીકારી પશ્ચાત્તાપ કરેલો. લક્ષ્મીબાઇના અવસાનથી યોગેશ્વરજી માટે મેનેજર તરીકે કામ કરવાનું સરળ બન્યું હતું. પણ તેમને એક દિવસ ધ્યાનાવસ્થા દરમ્યાન ''તારા માતાજીની ચિંતા છોડી, મારા પર શ્રદ્ધા રાખી હિમાલયમાં ચાલ'' એવી હૃદયના ઊંડાણમાંથી પ્રેરણા થઇ એટલે તેમણે મેનેજરની નોકરીમાંથી રાજીનામું આપ્યું. આ રાજીનામાની જાણ તેમણે મગરસ્વામીને કરેલી. યોગેશ્વરજીનો એ પદત્યાગનો નિર્ણય મગરસ્વામીને ગમ્યો ન હતો, પણ યોગેશ્વરજી તો અંતરના અવાજને જ અનુસર્યા. આ ઘટના પછી આજીવિકાપ્રાપ્તિ માટે યોગેશ્વરજીએ કોઇ વ્યવસાય કર્યો ન હતો. અલબત્ત જીવનભર તેમણે લેખનકાર્ય કર્યું અને તેમાંથી તેમને સાદગીથી રહેવા પૂરતું મળી રહેતું હતું.

### ચંપકભાઇનો પરિચય

યોગેશ્વરજીને વ્યવસાય દરમ્યાન ઋષિકેશમાં સ્વર્ગાશ્રમમાં મનુભાઇ ઉર્ફે ચંપકભાઇનો પરિચય થયેલો. યોગેશ્વરજીની રોજનીશી જોઇ ચંપકભાઇએ તેમની સાથે રહેવાની ઇચ્છા દર્શાવી. યોગેશ્વરજીએ સંમતિ આપી. ચંપકભાઇએ સૌરાષ્ટ્રના દેશી રાજ્યોની આઝાદીની લડતમાં આગળ પડતો ભાગ લીધેલો. મુંબઇમાં ૧૯૪૨ની લડતમાં કામ કરતાં તેઓ



પકડાયેલા, જેલમાં પુરાયેલા. મુંબઇની જેલમાંથી ધોળે દિવસે નાસી છૂટેલા. કૃશકાય, ખાદીધારી, બુદ્ધિશાળી અને સાહસિક એવા આ યુવાન સામે વોરંટ હતું તેથી મનુભાઇના નામે ગુપ્ત વેષે તેઓ રહેતા હતા. તેમનું બહોળું મિત્રમંડળ તેમને સ્વેચ્છાથી આર્થિક મદદ મોકલ્યા કરતું હતું. એટલે આજીવિકાની મોટી ચિંતા ન હતી. તેમની સાથે યોગેશ્વરજી દહેરાદુન ગયા. ત્યાં એક કુટુંબમાં ડોશીમા માંદા હતાં. યોગેશ્વરજીને બોલાવી, તેમના સ્પર્શથી પવિત્ર થયેલ જળ પીવાનો ડોશીમાએ અતિ આગ્રહ રાખ્યો. યોગેશ્વરજીને તેમના પ્રેમાગ્રહ પાસે ઝૂકી જઇ તેમ કરવું પડ્યું. ડોશીમાં સારા થઇ ગયાં પણ ચમત્કારની આ માયાજાળમાં યોગેશ્વરજી ફસાવા માગતા ન હતા એટલે તેઓ ચેત્યા અને ત્યાંથી ઋષિકેશ વિદાય થયા. ત્યાં વસુધારાના યુવાન વેરાગી સાથે મુલાકાત થઇ. (ક્રમશઃ)

### ❋ નૂતન વર્ષાભિનંદન ❋

સંવત ૨૦૬૭નું વર્ષ તા. ૨૬–૧૦–૧૧ ના રોજ પૂરું થાય છે અને તા. ૨૭–૧૦–૧૧ ના રોજ સંવત ૨૦૬૮ ના નવા મંગલ વર્ષનો પ્રારંભ થાય છે, તે શુભ પર્વ નિમિત્તે અધ્યાત્મના સર્વ વાંચકોને અધ્યાત્મ પરિવાર તરફથી શુભ કામનાઓ પાઠવીએ છીએ.

નવું વર્ષ સર્વ જીવો માટે સુખ, શાન્તિ ને આબાદી લાવનારું બની રહો એવી પ્રાર્થના પૂ. ગુરુદેવ યોગેશ્વરજી ને મા શ્રી સર્વેશ્વરીને કરીએ છીએ.

સહુની દીવાળી આનંદથી ઉજવાય એવી પ્રભુને પ્રાર્થના છે.

તા. ૧૭–૧૦–૨૦૧૧ **અધ્યાત્મ પરિવાર ને**
ભાવનગર **સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

# શુભ સંકલ્પનું બળ

ડૉ.કાલિદાસ પ્રજાપતિ

યોગાભ્યાસ એ અંતરમનની યાત્રા છે. સ્વયંને આત્મા સમજીને પ્રભુપિતાના પ્રેમમાં લીન થઇ જવાથી માનવનાં મન, વાણી અને કર્મમાં સાત્ત્વિકતા આવે છે આમ યોગયુક્ત સ્થિતિ વરદાની અને કલ્યાણકારી સ્થિતિ છે.

યોગ અર્થાત્ ઈશ્વરીય યાદ ઈશ્વરની યાદ ટકી શકે તે માટે આપણું મન શુભ ભાવના, શુભકામના અને વિશ્વકલ્યાણના વિચારોથી સભર હોવું જોઇએ. આત્માને નિરંતર જ્ઞાનામૃત મળતું રહે, તો જ મનમાં સુંદર વિચારોનાં પુષ્પો અવનવા આકારો લે છે. વૈવિધ્યસભર શુભસંકલ્પોની ફૂલવાડી દિવ્યગુણોની સૌરભ પ્રસરાવીને વાતાવરણને મઘમઘતું બનાવી દે છે.

ભારતના અને પશ્ચિમના તત્ત્વચિંતકોએ પણ શુભસંકલ્પોની અંતઃકરણની શુદ્ધિપૂર્વક કરાયેલી પ્રાર્થનાનું મહત્ત્વ સ્વીકાર્યું છે. સમાજમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવવામાં શુભ સંકલ્પોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

માનવને રચનાત્મક દિશામાં વાળવા, કોઇના નોકરી–ધંધા કે વ્યવસાયની સફળતામાં કોઇના જીવનની ભિન્ન ભિન્ન મંઝિલોને સાકાર કરવામાં શુભસંકલ્પોનું બળ એ અસરકારક માધ્યમ છે. ધરતીને સ્વર્ગ બનાવવા માટેનું પ્રથમ પરિવર્તન કાર્ય પણ માનવના સંકલ્પોનું પરિવર્તન કરવાનું છે. કારણ કે માનવ જેવું વિચારે છે તેવો તે બને છે. અંતર મનમાંથી રચનાત્મક કલ્યાણકારી વિચારોનાં આંદોલનો વહેતાં થાય, તો સમાજમાં



અવશ્ય પરિવર્તન આવે છે. આમ સંકલ્પો એ માનવજીવનમાં એક અસરકારક પરિબળ છે.

સંકલ્પોના પણ અનેક પ્રકારો છે આમ છતાં આપણે તેને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચી શકીએ. ૧ સમર્થ સંકલ્પ, ૨ સાધારણ સંકલ્પ, ૩ વ્યર્થ સંકલ્પ.

આધ્યાત્મિક દૃષ્ટિથી જોઇએ તો જે સંકલ્પો નિઃસ્વાર્થ, નિષ્કામ, વિશ્વકલ્યાણ માટેના હોય, બેહદ ભાવનાથી કરવામાં આવ્યા હોય, જે સંકલ્પો ઈશ્વરીય યાદથી રંગાયેલા હોય, જેમાં વસુધૈવ કુટુંબકમની ભાવના સમાયેલી હોય તે સમર્થ સંકલ્પો છે.

સંસારીઓ પોતાના જીવનને સ્પર્શતા, નોકરી, ધંધા, રોજગારીને લગતા સંકલ્પો કરે છે. જેને લૌકિક સંકલ્પો પણ કહેવાય, જેમાં કોઇનું અહિત કરવાની ભાવના ન હોય, પોતે પોતાના કાર્યને નીતિમત્તાથી વફાદાર રહીને સંકલ્પો કરે છે. જે સાધારણ સંકલ્પો છે. જે હૃદયના હોય છે.

દુર્જન માણસો સતત નિંદા, પર ચિંતનમાં મગ્ન રહે છે. કોઇની ઉન્નતિને તેઓ સાંખી શકતા નથી. સતત ઈર્ષા, ઘૃણાભાવમાં મગ્ન રહે છે. કોઇનું અહિત થાય તેવા સંકલ્પોમાં જેમને રસ છે તે વ્યર્થ સંકલ્પો છે. આવા સંકલ્પો કરનારા માનવો પાપનાં પોટલાં બાંધે છે. પોતે કોઇનું સારું તો કરી જ શકતા નથી પણ તેમની બુદ્ધિ સતત પરપીડનમાં વ્યસ્ત રહે છે. આવી પૈશાચી મનોવૃત્તિ ધિક્કારને પાત્ર છે. આવા લોકોનો સંગ કરવો એ પણ પોતાની અધોગતિ નોંતરવા બરાબર છે. આમ માનવ કે દાનવ તેનાં સંકલ્પ સૃષ્ટિ, વાણી અને કર્મથી ઓળખાય છે.

# પ્રેમ

કુંદનિકા કાપડીઆ

એક સ્ત્રી ખૂબ સંતપ્ત સ્થિતિમાં મારી પાસે આવી. તે એક પુરુષના પ્રેમમાં હતી. પણ તે બીજી સ્ત્રી ખાતર તેને છોડી ગયો હતો. આ સ્ત્રી ઈર્ષ્યા અને નફરતથી અતિશય પિડાતી હતી. મને આટલી દુઃખી કરી છે તો એને પણ એટલું જ સહન કરવું પડશે, એમ કહીને તેણે પૂછ્યું, ''હું એને આટલો બધો ચાહતી હતી, પછી એ મને કેમ છોડી ગયો?''

મે કહ્યું: ''તું એને ચાહતી નથી, તું તો એને ધિક્કારે છે અને જે તેં કદી આપ્યું ન હોય તે તું પામી શકે નહિ. તું સંપૂર્ણ પ્રેમ આપે તો તને સંપૂર્ણ પ્રેમ મળશે. એને સંપૂર્ણ, નિઃસ્વાર્થ, માગણી વગરનો પ્રેમ આપ, એની ટીકા કે તિરસ્કાર ન કર. એ જ્યાં હોય ત્યાં એને શુભેચ્છા પાઠવ.''

તેણે કહ્યું : ''એ ક્યાં છે એ હું નહિ જાણું ત્યાં સુધી હું એને શુભેચ્છા નહિ મોકલું.''

તો પછી તારો પ્રેમ સાચો નથી.'' મેં કહ્યું,''તું સાચો પ્રેમ આપીશ તો તને સાચો પ્રેમ મળશે, આ માણસ તરફથી કે એવા બીજા કોઇ પુરુષ તરફથી; કારણ કે એ માણસ જો દૈવી યોજના પ્રમાણે તારે માટે નિર્માયો નહિ હોય, તો તને તેની જરૂર નહિ રહે.''

થોડા મહિના પસાર થઇ ગયા. પરિસ્થિતિ યથાવત રહી પણ તે બાઇ હૃદયપૂર્વક પ્રયત્ન કરતી હતી. મેં કહ્યું,''તું તેની ક્રૂરતાથી વ્યથિત નહિ થાય ત્યારે તે ક્રૂર મટી જશે. તારી પોતાની



જ લાગણીઓને કારણે તું એને તારા ભણી ખેંચે છે.''

પછી મેં એને, ભારતમાં અમુક લોકો એકબીજાને મળે ત્યારે ''નમો નારાયણ'' કરે છે, તે વાત કરી. એ સંન્યાસીઓ મનુષ્યમાં રહેલા નારાયણને નમસ્કાર કરે છે. જંગલી પ્રાણીમાં પણ તે નારાયણને જ જુએ છે, અને તેઓ તેમને કદી હાનિ કરતાં નથી. મેં તે સ્ત્રીને કહ્યું, ''આ મનુષ્યમાં રહેલ નારાયણને પ્રણામ કર અને તેને કહે કે હું તારા દિવ્ય સ્વરૂપને જ જોઉં છું.''

ધીમે ધીમે તે સ્વસ્થ થતી ગઇ. એક દિવસ અચાનક જ તેનાથી બોલાઇ ગયું,'' તે જ્યાં હોઇ ત્યાં ભગવાન તમે તેના પર કૃપા કરજો.''

ત્યાર પછી હું થોડા વખત બહાર હતી. એક દિવસ તેનો પત્ર આવ્યો, ''અમે લગ્ન કર્યાં છે.''

''પાછા આવતાં મેં સૌ પહેલાં તેને ફોન કર્યો, ''શું થયું?'' તેણે કહ્યું, ''અરે ચમત્કાર થયો. એક દિવસ હું જાગી ત્યારે મારી બધી વેદનાઓ શાંત થઇ ગઇ હતી. એ સાંજે હું તેને મળી. તેને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ને અમે પરણી ગયાં. એના જેવો પ્રેમાળ માણસ મેં જોયો નથી.''

એક જૂની કહેવત છે કે કોઇ માણસ તમારો દુશ્મન નથી, કોઇ માણસ તમારો મિત્ર નથી; દરેક માણસ તમારો ગુરુ છે.

એટલે માણસે બિનઅંગત બનીને, બીજાએ તેને જે શીખવવાનું છે તે શીખવું જોઇએ.

દુઃખ માણસના વિકાસ માટે જરૂરી નથી; એ તો આધ્યાત્મિક નિયમના ભંગનું પરિણામ છે. પણ મોટા ભાગના

લોકો દુઃખ ન પડે ત્યાં સુધી આત્મનિદ્રામાંથી જાગતા નથી. લોકો સુખી હોય છે ત્યારે સાધારણ રીતે સ્વાર્થી બની જાય છે, અને પછી કર્મનો સિદ્ધાંત કામ કરવા લાગે છે.

એક સ્ત્રી કહ્યા કરતી, ''મને મારા પતિ સામે કાંઇ ફરિયાદ નથી, પણ મને લગ્નજીવનમાં બહુ રસ જ નથી.'' થોડા જ વખતમાં તેનો પતિ બીજી સ્ત્રીના પ્રેમમાં પડ્યો અને તેને છોડી ગયો. સ્ત્રી ગુસ્સા ને વ્યથાથી ફફડતી મારી પાસે આવી. મેં કહ્યું, ''પણ આ તો તમે કહેતાં હતાં તેમ જ બન્યું છે.'' તે સમજી. ''હા, લોકો જે માગતા હોય તે જ તેમને મળે છે, અને દુઃખી થાય છે.''

થોડા વખતમાં તેણે પરિસ્થિતિ સાથે સંવાદ સાધ્યો અને તેને સમજાયું કે બન્ને સાથે હતાં તેના કરતાં અલગ વધારે સુખી છે.

જે માણસ પૈસાને તિરસ્કારતો હોય તે કદી પૈસાદાર થઇ શકે નહિ. ઘણા કલાકારો ગરીબ હોય છે તે આ જ કારણે.

સમૃદ્ધિ એ પણ ઈશ્વરનો જ આવિર્ભાવ છે. જરૂરિયાત અને મર્યાદામાંથી મુક્તિના સ્વરૂપે, પણ ધન હંમેશા ફરતું રહેવું જોઇએ અને તેનો સદુપયોગ થવો જોઇએ. સંઘરાખોરી અને બચત પૂરા વેર સાથે બદલો લે છે. આનો અર્થ એ નહિ કે માણસે મૂડીનું રોકાણ ન કરવું. પણ જરૂર પડ્યે તેણે બધા જ પૈસા વાપરી નાખતાં અચકાવું જોઇએ નહિ. માણસ જ્યારે પૈસાને આનંદપૂર્વક અને નિર્ભયતાપૂર્વક જવા દે છે, ત્યારે તે વધુ સમૃદ્ધિના આગમન માટે દરવાજો ખોલી નાખે છે.

પૈસા તરફનું આધ્યાત્મિક વલણ તે આ; અને વિશ્વની મહાન બેન્ક કદી તૂટી પડતી નથી.

'લોભ' નામની એક ફિલ્મમાં એક સ્ત્રીને લોટરીમાં પાંચ



હજાર ડોલર મળે છે, તેમાંથી તે એક પાઇ પણ ખર્ચતી નથી. તેનો પતિ કષ્ટ વેઠે છે, સ્ત્રી પોતે ગુજરાન માટે મજૂરી કરે છે, પણ એક રાતે તેનું ખૂન થાય છે અને પૈસા ચોરાઇ જાય છે.

પૈસા બધાં અનિષ્ટોનું મૂળ છે એમ કહેવામાં આવે છે, તેનું આ ઉદાહરણ છે. પૈસાનો જ્યારે સંઘરો કરવામાં આવે છે, પ્રેમ કરતાં તેને વધારે મહત્ત્વ આપવામાં આવે છે, ત્યારે તેની પાછળ રોગ અને આપત્તિ આવે છે અને ઘણીવાર તેને પૈસા પણ ગુમાવવા પડે છે.

પ્રેમનો રસ્તો ગ્રહણ કરો, બીજું બધું જ આવી મળશે, કારણ કે પ્રેમ ભગવાન છે અને સામગ્રીનો સ્રોત પણ તે જ છે.

એક ધનિક સ્ત્રી કપડાં ને ગળાના હાર એક પછી એક ખરીદે જ જતી. તે તેનો ઉપયોગ કરતી હોત તો કંઇકે ઠીક હતું પણ તે તો બધું વીંટી વીંટીને કબાટમાં મૂક્તી હતી. વસ્તુઓને વધુ વળગવાને કારણે તેના હાથને પક્ષઘાત થયો અને છેવટે તેની વસ્તુઓની વ્યવસ્થા બીજાના હાથમાં સોંપવી પડી. કારણ કે તેણે ઉપયોગનો નિયમ ઉવેખ્યો હતો.

નિયમથી અજ્ઞાન માણસ પોતાનો જ વિનાશ નોતરે છે.

બધા રોગ, બધું દુઃખ પ્રેમના નિયમનો ભંગ કરવાથી આવે છે. અત્યારે તો પ્રેમ એક ખોવાઇ ગયેલી કળા છે, પણ આધ્યાત્મિક નિયમનું જ્ઞાન ધરાવતો માણસ જાણે છે કે એ પાછી મેળવવી જોઇએ. એના વિના માણસ હોતો નથી.

ઘણીવાર લોકોને ભૂતકાળમાં, કદાચ વરસો પહેલાં કોઇના પ્રત્યે આચરેલ કટુ વર્તન માટે ખૂબ અફસોસ થતો હોય છે, એ ઘટનાને સુધારી શકાય તેમ ન હોય તો વર્તમાનમાં કોઇના પ્રત્યે ભલાઇ દાખવીને એની અસરો ભૂંસી શકાય છે. અફસોસ, રંજ

શોક શરીરના કોષોનું ધોવાણ કરે છે અને માણસના વાતાવરણને વિષમય બનાવી દે છે.

એક સ્ત્રી તેની પુત્રીના મૃત્યુથી ખૂબ શોકમાં ડૂબી ગઇ હતી. મને તેનો ઉપચાર કરવાનું કહેવામાં આવ્યું. મેં જુદાઇ અને વિયોગમાં જ માનવાનો ઈન્કાર કર્યો અને દઢતાપૂર્વક કહ્યું કે સ્ત્રીના આનંદ, પ્રેમ અને શાંતિનું કેન્દ્ર પરમાત્મા છે.

સ્ત્રી તરત જ સ્વસ્થ થઇ પણ પછી તેણે વધુ ઉપચારની ના પાડી, એમ કહીને કે, ''તે એટલી સુખી હતી કે એ સારું ન કહેવાય!''

મનુષ્યને પોતાનાં દુઃખ અને અફસોસને વળગી રહેવાનું ગમતું હોય છે.

એક સ્ત્રીને હું ઓળખું છું. તેને પોતાની મુશ્કેલીઓ વિષે મોટી મોટી વાતો કરવી ખૂબ ગમતી.

જૂના વખતમાં એવી માન્યતા હતી કે સ્ત્રી જો તેનાં બાળકો માટે ચિંતા ન કરે તો તે સારી માતા ન કહેવાય.

પણ હવે આપણે જાણીએ છીએ કે બાળકોને થતી માંદગી તેમજ અકસ્માત માટે ઘણીખરી વાર માતાની ચિંતા જવાબદાર હોય છે. ભય વિવિધ રોગ કે વિષમ પરિસ્થિતિનાં ચિત્રો મન પર અંક્તિ કરે છે અને આ ચિત્રોને ભૂંસી નાંખવામાં ન આવે તો તે બાહ્ય આકાર ધારણ કરે છે.

એ માતા સુખી છે, જે હૃદયપૂર્વક એમ કહી શકે કે તેણે બાળકોને ભગવાનના હાથમાં સોંપ્યાં છે અને જાણે છે કે તેમનું ભગવાન રક્ષણ કરે છે.

સંપૂર્ણ પ્રેમ ભયને નિર્મૂળ કરે છે.



## Question & Answer Session with Maa

**Maa**

(Following are excerpts the question and Answer Session held during Youth Sadhana Shibir at Blue Springs Camp, Acton Toronto CANADA on Saturday, September 1, 2001 between 6:30 PM and 7:40 PM. Participants sent their question in English and Maa wrote the Answer for them in Gujrati, which was translated and conveyed to everyone by Daxeshbhai.)

Question 9 : Can you see the future? Can you see anyone's future? How far into the future can you see? How do you decide who needs to know their future? Have you ever been wrong in you psychic power?

Maa : The future depends on one's Karma bhagya. Everybody can foresee their own future by the type of life one leads. Each person creates his/her own future by the action one performs in life.

Daxeshbhai : It's a very good question but Maa has somehow managed to avoid it! However, there are many incidences that reveal that Maa can see the future not only that, Maa can make things happen.

Maa : If Maa were to reveal the truth, there would be a huge queue!"

Daxeshbhai : I got the same explanation from Mahatmaji. Someone had once asked Mahatmaji 'you know everything, so why aren't you revealing it?' Mahatmaji replied if I were to begin revealing everything there would be a huge queue!'

When you reach a certain stage, for example you are in a business and you know all the secrets, if you reveal it to the wrong person he won't understand its value.

Neelamben : I understand that even if we can't foresee our future, we can make it by our karma. Fate states that whatever is meant to happen will happen, whereas by karma/action we can make our own destiny. In that respect which one is the more powerful?

Maa : What is the use of knowing your future? You cannot change anything. One must belive that whatever God does will be for the best.

Daxeshbhai : Someone once asked Mahatmaji regarding the future. Mahatmaji replied 'If I were to tell you when you are going to die, will you be able to sleep peacefully?'

Sheetalbhai : We believe in Maa, but as



East Indians we also consult astrologers. What is Maa's opinion on astrology?

Maa : Astrology is a science sut one who lives a pure life can read or tell you information with accuracy precision.

Viralbhai : Years ago, when You hadn't yet met Mahatmaji, You had the same faith in God as you have today? When You met Mahatmaji, did you immediately realize that You would eventually become a saint (Divine Figure) or Bhagwan?

Maa : Mahatmaji searched for and found Maa. Maa did rigorous sadhana and with Mahatmaji's blessings Maa has reached this stage. As Maa's Sadhana increased, Prabhu showered more blessings on Maa. And ultimately Maa reached this stage.

One cannot feed a young child 5 Laddus because he will not be able to digest them. In the same way blessings can only be given if one has the ability to receive them."

Hiteshbhai : In all the books that I have read they state when one does jaap it basically burns most of your sanchit karma, but prarabadh karma is almost virtually impossible to burn. Is that true? Is prarabdh karma really expensive/ difficult to burn?

Maa : You can make your karma lighter. The result of the karma that one has to suffer can become lighter by doing jaap, prathna and with the blessings of a saint. The power of a saint is such that they can change your destiny! They can change anything. If your sadhana is strong enough then saints can change your the result of your action(karmafal).

Question 10 : When is Prabhuji coming back and in what form will he return?

Maa : (Jocking) When you meet Prabhuji, you may ask Him regarding this. However, Maa feels that Prabhuji resides within Maa so right now there is no question about Prabhuji's coming back.

Question 11 : During the accident (car accident, 1998), what happened to the murti (idol) of Krishna Bhagwan?

Maa : The swaroop that Maa carries has two pictures–Lord Krishna as well as Prabhu. At the time of the accident, the idol of Lord Krishna fell at the lotus feet of Prabhu and Lord Krishna's flute was broken. Maa infers that Lord Krishna threw away His flute and rushed to save Maa. Maa also infers that Lord Kirshna surrendered Maa to Prabhuji.



Question : Is it okay to do different Mala's of different Bhagwans?

Maa : All Bhagwans are the same. Just as some recognize water as 'jal', some call it water while other call it 'pani', but the substance is the same. Just like one person is referred to us daddy, uncle or grandfather etc... but actually the person is one and the same. These are different names for the same person. Similar, Bhagwan is one, Some call Bhagwan by the of name of 'Alah', some use 'Vishnu' or 'Shankar', some may pray in the name of Amba, Durga or Kali. But the force is one, Bhagwan is one. If one understands this, there is no meaning of doing different malas of different Bhagwans.

Yashmiben : In the end will it make a different to where you end up spiritually?

Maa : One can walk, use a bicycle, take a taxi, bus, car, or a plane, but the final destination will be the same. It's the vehicle that is different.

Question : 14 What is the best sat karma(seva) to do in this day and age?

Maa : Help others, live a pure and holy life and serve your parents. These are the best seva to perfrom in this age.

# મારુ સ્વર્ગારોહણ રૂડું મારે વૈકુંઠ નથી જાવું.

વિનોદિની પટેલ

સ્વર્ગારોહણ એ સ્વર્ગ નહીં પણ મોક્ષનું દ્વાર છે. સ્વર્ગમાં પૂણ્ય પૂરું થતાં વળી પાછું પૃથ્વી પર પાછા ફરવું પડે છે. જ્યારે મોક્ષ મળતાં જીવને આવાગમનના ફેરા ટળી જાય. ગર્ભની પીડા શમી જાય છે, માટે સ્વર્ગારોહણ એ મોક્ષનું દ્વાર છે.

સ્વર્ગારોહણના અધિષ્ઠાન ભગવાન ગુરુભગવંત શ્રી યોગેશ્વર પ્રભુ અને પરમ પૂજ્ય મા સર્વેશ્વરી છે. ત્યાં પૂજ્ય શ્રીની ચરણરજ વેરાયેલી છે અને પરમ પૂજ્ય માએ તેને સોને મઢી છે, સ્વર્ગારોહણમાં પ્રવેશતાં જ દરેક અશાંત જીવને શાંતિનો અનુભવ થાય છે. જગતના તાપથી દાઝેલા અશાંત અતૃપ્ત જીવને ટાઢક મળે છે, કારણ ત્યાં પરમ પૂજ્ય માના મૌનનો મહિમા છે. તેની સત્તા પ્રવર્તે છે. પરમ પૂજ્ય માના અવિરત જપથી ભૂમિ પૂણ્યવાળી બની ગઇ છે. વળી ત્યાં પૂ.માના સેંકડો નિર્જળા વ્રત, કાષ્ટમૌન અને પ્રણામથી સ્વર્ગારોહણ પાવન બની ગયું છે. અરે, પૂજ્ય માએ એકલાએ નહિ, એ કલ્યાણી છે, ભક્તવત્સલ છે માટે તેણે અનેક સાધકોને પ્રણામની પ્રણાલી શીખવી, કુટિયાની પ્રદક્ષિણા કરતા કર્યા છે. જપ, તપ, કરાવતા કર્યા છે. અનેક સાધના દિનો ઉજવી વિષ્ણુ સહસ્ત્ર, શિવમહિમ્ન સ્તોત્રના, મંત્રગાનના સહસ્ત્રકોટિ યજ્ઞો કરાવ્યા છે.

અરે, એટલું મર્યાદિત નથી. અરે, સ્વર્ગારોહણને અનેક વિધ યજ્ઞોની યજ્ઞભૂમિ બનાવી. ત્યાં નેત્રયજ્ઞ, વસ્ત્ર વિતરણ યજ્ઞ,



અન્નદાન યજ્ઞ, રોગ નિદાન યજ્ઞ, બિયારણ યજ્ઞ, અપંગ માનવોને પગદાન યજ્ઞ, વળી ભાદરવી પૂનમે પદયાત્રીઓને વળી છાશની હાશ તેમજ પાટાપીંડી યજ્ઞ, બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત યજ્ઞ, આવા અનેક યજ્ઞોથી સ્વર્ગારોહણની પાવનભૂમિ યજ્ઞભૂમિ બની ગઇ છે.

આ યજ્ઞો દ્વારા બાળકોના મનમાં, બહેનોના મનમાં, વૃદ્ધોના મનમાં, નિવૃત્તોના મનમાં, યુવાનોના મનમાં ઉદારતા, કરૂણતા, ધ્યાનના સંસ્કારોનું સિંચન થાય છે.

સ્વર્ગારોહણમાં પૂ.માએ રહેવાનો ઓટલો, ખાવાનો રોટલો આપ્યો છે. પશુ, પક્ષી પણ આમાંથી બાકાત નથી. સ્વર્ગારોહણમાં યુવાન બહેનોને સાયકલ દ્વારા નીડરતાલક્ષી સિંહણ બનાવી, તો ભાઇઓને પદયાત્રા દ્વારા સત્‌ના રસ્તા પર ચાલવાનો રાહ ચિંધ્યો. નિવૃત્તોમાં પૂ.મા સાથે રહી સંન્યાસ આશ્રમના સંસ્કારોનું સિંચન કર્યું. તો દિવાળીમાં બાળકો અને માતાઓમાં રહેલી સાંસ્કૃતિક સંસ્કારોનું સિંચન કર્યું. વળી ગાયત્રી, દમયંતીબહેન અને આશાબહેન જેવા ખૂબ જ નાની ઉંમરમાં પતિનું છત્ર ગુમાવેલી બહેનોના પૂ.મા તારણહાર બન્યાં તો તેમના નાનાબાળકોને તેમણે છત્રછાયા આપી. આ બહેનોના મનનું, તનનું, શીલનું રક્ષણ કર્યું અને તેમનામાં શ્રદ્ધાભક્તિના દીપક જગાવ્યા.

કોઇક બાળકની સંગીત કલાને વિકસાવી, તો કોઇક બાળકની ચિત્રકલાને વિકસાવી, તો કોઇકની સાહિત્યકલાને બિરદાવી. વળી કોઇકના વક્તૃત્વને વિકસાવ્યું, તો કોઇકમાં રહેલી નેતાગીરીને વિકસાવી અરે દરેકમાં રહેલી તેની આંતરિક

શક્તિને પારખી. તે પ્રમાણે તેનો વિકાસ કરાવ્યો.

પરમ પૂજ્ય માએ પોતાની સાધનાને એકાંત જંગલમાં નહિ પણ ભક્તોની વચ્ચે રહી, અભાવમાં નહીં પણ અનેક લોભામણા વાતાવરણમાં રહી અવિરત રીતે કરી બતાવી. તેમને સાધનાની જરૂર નથી પણ જગતને મશાલ ધરી. ગુરુમાં ઓગળી ગયાં. યાત્રામાં પણ પ્રકાશમાં એ જ ચૈતન્યના વિલાસના દર્શન કર્યા. યાત્રામાં પણ એ જ પ્રણામ. એ જ જપ એ જ તપ એ જ ઉપાસના એ જ કલ્યાણ કરવાની રીત, ક્યાંય મીનમેખ ફેરફાર નહીં. પણ પછી તે સત્યપથ સ્વર્ગારોહણ કે પરદેશની ભૂમિ. વળી પરમ પૂજ્ય માએ મૃત્યુનો મલાજો રાખતા પણ શીખવ્યું. જન્મનો જેટલો આનંદ, એટલો જ વિદાયનો મહિમા પણ બતાવ્યો. કોઇ પણ જીવ આ પૃથ્વી પરથી વિદાય થાય તો તેને કેવી રીતે મંત્રગાન અને જપ દ્વારા વિદાય આપવી કે જેથી આગળની યાત્રામાં ક્યાંય ખલેલ ના પહોંચે. વળી એ જીવોના અસ્થિનું વિર્સજન મા ગંગાના ખોળે કેવી રીતે કરવું તે પણ શીખવ્યું.

અને આ રીતે આવા અગણિત કાર્યો દ્વારા, મંત્રગાન સાધના દિનો દ્વારા પ.પૂ.માએ ગુરુભગવંતનો મહિમા વધારવા સ્વર્ગારોહણને મોક્ષનું દ્વાર બનાવ્યું છે.

અનેક જન્મના કોટિ પુણ્યના સંચયથી મા ભગવતી, શ્રી ગુરુભગવંત મળ્યા અને પરમ પૂજ્ય મા ભગવતી મળ્યાં. આ મા ભગવતીના દર્શન કરવા સ્વર્ગારોહણની ભૂમિમાં કેટલાય સિદ્ધ સંતો આવ્યા હશે અને અંતરિક્ષમાંથી વધાવ્યા હશે. અને કેટલાંયે સૂક્ષ્મ સ્વરૂપે હાજર થઇ પ્રણામ કર્યા હશે. આ સામાન્ય જીવને શું ખબર પડે. માટે જ વૈકુંઠ જવાની ઇચ્છા ના થાય તેવું



આ પૃથ્વી પરનું જીવંત તીર્થ છે. શાસ્ત્રોમાં જેટલો કાશીનો મહિમા છે, ગંગામૈયાનો મહિમા છે તેનાથી જરાપણ ઉતરતો નહીં તેવો સ્વર્ગારોહણનો મહિમા છે એ તીર્થને પાવન બનાવનાર પરમ પૂજ્ય ગુરુદેવ ભગવંત અને પરમ પૂજ્ય મા સર્વેશ્વરી છે.

ખ્રિસ્તીઓનું તે દારેસલામ છે, મુસલમાનોનું તે મક્કા છે. જૈન ધર્મનું તે સમેત શિખર પાવાપુરી છે. તો બૌદ્ધ ધર્મનું તે બોધિ ગયા છે. શંકરનું તે કૈલાસ માનસરોવર છે, તો વિષ્ણુનું તે વૈકુંઠ છે અને બહ્માનો તે બ્રહ્મલોક છે અને કળિયુગનું મોક્ષદ્વાર છે. વ્હાલા માડી, સ્વર્ગારોહણ માટે જે મનના ભાવો પ્રકટ્યા છે તે તારી સમક્ષ રજૂ કર્યા છે તારા ચરણે કોટિકોટિ પ્રણામ. તારી દીકરી વિનોદીનીના પ્રણામ. માફ કરજે તારા દ્વારે તને મળવા નથી અવાતું તે મનની નબળાઇ છે પણ તારાથી વંચિત રહેવાય છે એ અપરાધને ક્ષમા કરજે. પણ તારામાં મારું મન રમ્યા કરે તેવા આશીર્વાદ આપજે.

હળવા થાઓ, ખાલી થાઓ ને ભરાઇ જાઓ પ્રભુ પ્રીતથી. **—મા**

## સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ભાદરવી પૂર્ણિમા

# સ્વર્ગારોહણનું સોહામણું સેવાપુષ્પ

જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

આદ્યશક્તિ મા જગદંબના શક્તિ પર્વ પૂર્વે જગદંબાનો પ્રાગોટ્યોત્સવ ઉજવાય છે. જેની નોંધ સમગ્ર દેશમાં લેવાય છે. એક સપ્તાહ માટે અંબાજીનું આ પર્વ સમાચારોનું પણ કેન્દ્રબિંદુ બની જાય છે. ગુજરાતનું યાત્રાધામ અંબાજી માનવમહેરામણથી ઉભરાઈ જાય છે. જ્યાં મા ભક્તોની અનન્ય શ્રદ્ધા આપણી આંખ ભીંજવી જાય છે. ભક્તિની અંદર શારીરિક તપનું પણ એક આગવું મહત્ત્વ છે. એની ચરમસીમાના અહીં દર્શન થાય છે.

પદયાત્રીઓની પદયાત્રામાં સહાયક થવા અનેક સેવાભાવી સંસ્થાઓ પોતાના સેવાયજ્ઞો શરૂ કરે છે, મુખ્યત્વે બે માર્ગો– અમદાવાદ અંબાજી વાયા ખેડબ્રહ્મા અને બીજો પાલનપુર દાંતા થઈને આવતો માર્ગ જ્યાં આપણું સ્વર્ગારોહણ આવેલું છે. આ સેવાઓમાં ભોજન વ્યવસ્થા, ચાપાણી, હળવો નાસ્તો, છાશ, મેડિકલ સહાય, વિશ્રામ વ્યવસ્થા જેવી અનેક વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

પહેલાં આ પર્વ માત્ર ચાર દિવસનું રહેતું, હવે તે સાત દિવસનું થયું છે. આ વર્ષે પર્વ પૂર્ણિમા સુધી ચાલ્યું. પણ આ વખતે તેનો દોર લાંબો રહ્યો. સેવાયજ્ઞોની સુગંધથી સુગંધિત થયેલું સ્વર્ગારોહણ પણ તેમાં જોડાઈ ગયું.

આ વર્ષે આ યજ્ઞના યજમાન થવાનું સદ્‌ભાગ્ય ગુલાબબેન ભક્ત (પનામા) ઈલાબેન બચુભાઈ ભક્ત (કર્પૂરવન)ને મળ્યું.



શ્રી માના દિવ્ય આશીર્વાદ અને પૂ. યોગેશ્વર પ્રભુ અને મા જ્યોતિર્મયીની કૃપાવર્ષાએ આ પર્વને આ સેવાયજ્ઞને સફળતાનો તાજ પહેરાવ્યો. શ્રીમતી ઈલાબેન અને શ્રી બચુભાઈ ખાસ અમેરિકાથી આ સેવાનો લાભ લેવા આવી પહોંચ્યા, તો શ્રી ગુલાબબહેને પોતાની પનામાની ટિકિટ રદ કરાવી દીધી અને માનો નિયમ મસ્તકે ચઢાવ્યો. સત્કર્મ કરવું હોય તો સ્વયં હાજર રહો.

દર વર્ષ કરતાં આ વર્ષે આ પર્વ ખૂબ કસોટીનું હતું. યાત્રાધામ અંબાજી પર વરુણદેવની અનહદ કૃપા હતી. ૧૪ મી ઓગસ્ટથી શરૂ થયેલી વરસાદની હેલી આ વખતે રોકાવાનું નામ જ ન લેતી હતી. અને પૂર્ણિમા પછી પાંચમ સુધી ચાલુ જ રહી. મુશળધાર વરસાદ અને લાંબા અંતરેથી પદયાત્રા કરી રહેલા યાત્રીઓ–ન બેસવાની જગ્યા ન ઊભા રહેવાની–બધું જ પલળી જાય, પગ ફોગાઈ જાય, વરસાદમાં કાચ, પથ્થરો તણાઈ આવે, પગ જાણે ઘાયલ થઈ જાય પણ દર્શનના દિવાના ભક્તો બધું જ સહજરીતે હસતે મોઢે ચલાવી લેતા હતા. ક્યાંય ફરિયાદનો સૂર નહતો. સહુના ચરણના ચાલક જાણે સ્વયં મા અંબા હોય તેવું લાગતું હતું. ૧૫૦ થી ૨૦૦ કિ. મી.નું અંતર સર્વ સામાન્ય હતું. તો ૫૦૦ કિ. મી. ચાલીને આવવાવાળા યાત્રીઓ પણ હતા.

સ્વર્ગારોહણની ભાદરવી પૂનમના વિશિષ્ટ સેવકોમાં સૌથી નોંધપાત્ર સેવા ઝણોરના ડો. નિર્વિકલ્પની ટુકડીની રહે છે, ૧૫ જેટલા સ્વયંસેવકો શ્વાસ પણ લેવાની ફુરસદ નહીં તે રીતે અવિરત કાર્ય કર્યા જ કરે. તાવ, ઉલટી, દુઃખાવા, ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને સૌથી વધુ તો ડ્રેસીંગનું કાર્ય રાજુકાકા, મામા

સૂરા આ બધા એટલુ સરસ રીતે અને પ્રેમથી કરે, કોઈનો અનાદર પણ નહીં તો કોઈનું અપમાન પણ નહીં. દિવસભર કામ કરી રાત્રે બીજા દિવસની તૈયારી કરી માત્ર ગણતરીના કલાકનો આરામ કરી, જેવા નવ મંત્રગાન થાય કે લાગી જ જાય સેવા માટે. વળી વચ્ચે રાત્રે કે વહેલી સવારે તાકીદની જરૂર હોય તો તે સેવામંડળી સેવામાં તત્પર બની જાય.

**છાશની હાશ :** યાત્રીઓને માટે આ સ્થળની વિશિષ્ટ ઓળખ. યુદ્ધના ધોરણે થતું કામ જોવું હોય તો આ વિભાગમાં જોવા મળે. છાશ પૂરી ન થાય ત્યાં સુધી કોઈને ઊંચુ જોવાની ફુરસદ જ નહીં. છાશ બનાવવાથી માંડી અને વહેંચીને પાવા સુધીમાં તો કેટકેટલા જણના હાથ તેમાં સહભાગી થઈ જાય! જલ્દી આપો, જલ્દી આપોનો સૂર સતત સંભળાયા જ કરે. પહેલે દિવસે માત્ર ૧૬ સેવકોથી શરૂ થયેલો યજ્ઞ ૪૫ સેવકો સુધી પહોંચ્યો હતો. ચાર દિવસમાં કુલ ૧૦૨૦૦ લીટર જેટલી છાશની વહેંચણી થઈ. આવા વરસાદમાં મા—પ્રભુએ આ કાર્ય ખૂબ સરસ રીતે પાર કરાવ્યું. નવ મંત્રગાનથી આરંભ અને પૂર્ણાહુતિ પામેલું આ કાર્ય પ્રભુનું હતું અને પ્રભુએ જ પાર પાડ્યું. લોકો ખૂબ પ્રેમથી ને સંતોષથી આ છાશ અને પાણીની સેવા પ્રાપ્ત કરતા હતા. કેટલાક આપણા મૂક સેવકો સતત મોડે સુધી પાણીની સેવા કરતા જ રહેતા.

**એક્યુપ્રેશર :** આ વર્ષે એક્યુપ્રેશરની સેવાનું કામ પણ ખૂબ રહ્યું. ભીનામાં ચાલવાથી થતું કળતર, ભીના કપડા સામાનનું વજનથી પીઠના દુઃખાવા આ બધામાં યાત્રીઓને એક્યુપ્રેશરથી ખૂબ રાહત રહી. તેમના મુખેથી તેવું સંભળાય 'જાણે ચાલ્યા જ ન હોઈએ' એટલે આપણને પણ આપણી સેવાનું સાર્થક્ય લાગે.



જ્યોત્સ્નાબહેન, મયુરીબહેન ઘણા બધા ભાઈઓ ઉપરાંત રબારીવાસના આઠ બાળકો નિયમિત રીતે આવી જતા. તેઓ એક્યુપ્રેશર ઉપરાંત છાશ વહેંચવી, ગ્લાસ ભેગા કરવા, સામાન લાવવો લઈ જવો, કાદવ સાફ કરવો તે બધામાં ખૂબ મદદરૂપ થતાં. પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી સતત સાથ આપતા.

આપણા સેવક ઈશ્વરભાઈના બાળકો તુલસી અને વૈભવ પણ ખૂબ કામ કરતાં. સવારે પ્રભાતફેરીથી નિયમિત આવી જઈ બધું પતી ન જાય ત્યાં સુધી સતત સાથે જ રહેતા. જાણે તેમનો જ પ્રસંગ.

શ્રી ચીમનકાકા, જયસુખભાઈએ પુસ્તકોના વેચાણનો વિભાગ સંભાળ્યો હતો.

**એનાઉંસમેન્ટ :** અજય કલોલા, વિજયભાઈ અને ગુલાબબેન વિગેરેએ સંભાળ્યું હતું. વચ્ચે વચ્ચે રમૂજભર્યા ટુચકા અને કોમેન્ટો સહુનો થાક હરી લેતાં હતાં. આ સેવાએ એક છૂટા પડી ગયેલા માતા પુત્રીને પરિવાર સાથે મેળવી આપ્યા હતા.

બધું જ હતું પણ મા ન હતાં. જાણે શરીર ચાલતું હતું પણ પ્રાણનો ધબકાર ન હતો. સ્વર્ગારોહણ તો તે જ હતું. બધુ જ તે હતું પણ પગ તરવરાટથી ચાલતા ન હતા. આંખો દાદર કે ગેલેરી પર દર્શનની ઝલક પામવા મંડાયેલી ન હતી. મા સિવાયના સાત દિવસ જાણે સાત ભવ જેવા લાગતા હતા. આબુ રોડથી ઉતરીને થતો થનગનાટ જાણે ગતિ શૂન્ય હતો.

આ વર્ષે કહેવાય છે ૨૮ લાખ યાત્રીઓ આવ્યા. બાળકો યુવાનો, વૃદ્ધો, સાજા માંદા સહુ. સરકારે પણ ઘણી સારી વ્યવસ્થા કરી હતી. સફાઈ તંત્ર ગયા વર્ષ જેવું સાબદું હતું. પોલીસ તંત્રનો માનવતાભર્યો અભિગમ આ વખતે જોવા મળ્યો.

પોતાની અગત્યતા બતાવવા માટે સવાઈ શિસ્ત પળાવતા પોલીસકર્મીઓ આ વખતે યાત્રીઓ સાથે ખૂબ સારી રીતે પેશ આવતા જોયા. મંદિરે પણ ખૂબ સારી વ્યવસ્થા કરી હતી. અદ્‌ભુત શોભા અને માઇકના સૂરોથી રથો અને ધજાઓ ધ્યાન ખેંચતી હતી. પણ વારકરી સંપ્રદાય જેવું વિશિષ્ટ ભક્તિ સાહિત્યનું નિર્માણ અહીં દેખાતું ન હતું.

બીજા ત્રીજા અને પહેલા ધોરણમાં ભણતાં અનેક બાળકો માતા પિતા સાથે ૧૭૫ થી ૨૦૦ કિ. મી. ચાલ્યા હતા, તો એક નેવું વર્ષના કાકા ૧૨૦ કિ. મી. ચાલીને આવ્યા હતા, ચીકનગુનિયાથી ત્રણ વર્ષ પહેલાં વાંકા અને સખત થઇ ગયેલા ઢીંચણવાળા પણ એક કાકા ૮૦ કિ. મી. ચાલીને આવ્યા હતા. સહુની ભક્તિને આપણા ખૂબ ખૂબ વંદન.

બધું જ ખૂબ સરસ હતું, પણ તમાકુની પડિકીઓના વ્યસને નાના મોટા સહુનો કબજો લીધો હતો. ૮ વર્ષના નાના બાળકોથી માંડી વૃદ્ધો સુધી તેના જ રંગે રંગાયેલા હતાં. તેમના ખરાબ થયેલા દાંત, નિસ્તેજ મોઢાં જોઇ ચિંતા નહોતી થતી પણ એક વેદના થતી હતી. વિકાસશીલ ગુજરાતનું આ બીજું પાસું આવું નબળું? હું અને મયૂરીબેન બાળકોને, યુવાનોને ખૂબ સમજાવતા. કેટલાક વચન પાલનની ખાત્રી આપતા. કેટલાક હસી કાઢતા. મા સહુના આરોગ્ય સાચવે તેવી તેમને હૃદયપૂર્વકની પ્રાર્થના.

આ પર્વની સેવા ખૂબ આયોજન અને પૂર્વ તૈયારી માંગી લે છે. નાથાકાકા, ગોહિલભાઇ, રાજુભાઇ, વિજયભાઇ, સેવકો, નામી અનામી સહુ પહેલા અને પછી ખૂબ કામ કરે છે. મુંબઇ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, સુરત, ડભોઇ, મોરબી બધી જગ્યાએથી સાધક ભાઇબહેનો આવ્યા હતા. પીયર



ગણાતા સ્વર્ગારોહણના સેવા કાર્યમાં ભાગ લઇ બહેનોએ પ્રસંગ દીપાવ્યો હતો તો ભાઇઓના પરિશ્રમનું તો પૂછવું શું?

ભાઇ હેમલભાઇની વિડિયોગ્રાફીની અને તસ્વીરોરૂપે સતત સંભારણું બની રહેતી સેવા પણ ખૂબ દાદ માગી લે તેવી હતી. વરસતા વરસાદમાં કેમેરા સાચવી જુદાં જુદાં દૃશ્યો લેવાં તે પણ ખૂબ પરિશ્રમ માંગી લે તેવું છે.

સ્વર્ગારોહણની સાત વર્ષથી ચાલતી આ સેવા ટ્રસ્ટીઓથી માંડી સેવકો અને અજાણ્યા પણ સહુને પોતીકી લાગે છે. એક વાર આનો સ્વાદ ચાખે છે તે બીજે વર્ષે અચૂક આવે જ છે. પૂ. મા પ્રભુ સતત આ પર્વને તેમના આશિષથી નવાજતાં રહે છે. સેવા મંડપમાં ફોન રૂપે પધારીને માએ સહુમાં એક નવા ઉત્સાહ ને જોમ ભરી દીધાં. સહુની એ જ પ્રાર્થના હતી : મા તનથી, મનથી, ધનથી જેનાથી આપને યોગ્ય લાગે તે રીતે આ સેવાની તક અને શક્તિ આપજો તે જ હૃદયપૂર્વકની પ્રાર્થના. વહેલાં આવજો. ખૂબ ખૂબ વહેલાં પધારજો. પાંપણ બીછાવી સહુ રાહ જુએ છે.


ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

## એકાગ્રતા

**પ્રશ્ન** : ચિત્તની એકાગ્રતા વગર નામજપ કે ધ્યાનની સાધના કરી શકાય ખરી ?

**ઉત્તર** : ચિત્તની એકાગ્રતા જો શરૂઆતથી જ સહજ બનશે તો તો પછી નામજપ કે ધ્યાનની જરૂર જ શી રહેશે ? એકાગ્રતાને માટે તો એમનો આધાર લેવાનો છે. માટે ચિત્તની એકાગ્રતા એટલી જલદી સિદ્ધ ના થઇ શકે તો નિરાશ ના થતા અને નિરાશાથી પ્રેરાઇને પુરુષાર્થ મૂકી પણ ના દેતા. અભ્યાસ ચાલુ જ રાખજો. જે સર્વસંગપરિત્યાગ કરીને એકાંતમાં બેઠા છે એવા વિરક્ત પુરુષોનું મન પણ એટલું જલદી એકાગ્ર નથી થતું તો પછી વિવિધ વ્યવસાયોમાં વ્યસ્ત રહેનાર અને એમની સારીમાઠી અસર નીચે આવનાર સ્ત્રીપુરુષોનાં મન તો એટલી જલદી એકાગ્ર કેવી રીતે થઇ શકે? એમને તો લાંબી વાર લાગે જ. છતાંપણ ઈલાજ પ્રયત્નને મૂકી દેવામાં નથી પરંતુ પ્રયત્નને ચાલુ રાખવામાં રહેલો છે. મન ચંચળ છે, તોફાની છે, બળવાન છે. ને વાયુને વશ કરવા કરતાં પણ વશ કરવું કઠિન છે. એ બધું સાચું હોવા છતાં પણ ક્રમેક્રમે કળથી વશ કરી શકાય છે એ પણ એટલું જ સાચું છે. માટે કોઇ પણ સંજોગોમાં હતોત્સાહ અને હતાશ નથી થવા જેવું. ઈશ્વર પર વિશ્વાસ રાખી, ઈશ્વરની દયાની યાચના કરતાં આગળ વધતા જ રહેવાનું છે. ગારુડી જેમ સુમધુર સ્વરોની મદદથી વિકરાળ વિષધરને વશ કરે છે તેમ ઈશ્વરના નિરંતર નામસ્મરણના પ્રભાવથી જે મનને વશ



કરવા માગે છે એને માટે અનવરત અભ્યાસ કરે છે એનો મનોરથ જરૂર ફળે છે. એને અભ્યાસ અવશ્ય વરે છે.

**પ્રશ્ન :** એકાગ્રતાવગરના જપ કે ધ્યાનથી લાભ થાય કે ના થાય?

**ઉત્તર :** એકાગ્રતા વગરના જપ કે ધ્યાનથી પણ લાભ તો થાય જ છે. એકાગ્રતા હોય તો વધારે લાભ થાય છે એ સાચું છે પરંતુ એકાગ્રતા વગર પણ જે જપ કે ધ્યાન કરવામાં આવે છે તે નિષ્ફળ જાય છે એવું તો ના જ કહી શકાય. એ પણ લાભ તો પહોંચાડે જ છે માટે એકાગ્રતા થાય તો પણ જપ કે ધ્યાનની સાધના કરવાનું ચાલુ જ રાખવું.

## સ્પૃહા કે લાલસા

**પ્રશ્ન :** સ્પૃહા કે લાલસા સુખકારક છે કે દુઃખદાયક? એ રાખવી કે ના રાખવી જોઇએ? કર્મ સ્પૃહાયુક્ત થઇને કરવા કે સ્પૃહારહિત બનીને? એ બધું વિસ્તારથી સમજાવશો?

**ઉત્તર :** કોઇપણ પ્રકારની સ્પૃહા કે લાલસા હોવી એ દુઃખનું કારણ છે એમાંથી ઘર્ષણ, બેચેની, સ્પર્ધા કે અશાંતિ પણ જન્મે છે. માતાપિતા પુત્રનું પાલન કરે છે ને સ્વાભાવિક રીતે જ ઇચ્છા રાખે છે કે પુત્ર મોટો થઇને અમારું પોષણ કરશે. પરંતુ પરિસ્થિતિ એથી ઉલટી આવે છે ત્યારે એ કામના જ કે સ્પૃહા જ દુઃખ અથવા સંતાપનું કારણ થઇ પડે છે માણસ લોકસેવક બનીને સેવાના ક્ષેત્રમાં પડે છે ને સેવા કરે છે પણ ખરો, પરંતુ એની સેવા નિષ્કામ કે નિઃસ્વાર્થ નથી રહી શકતી. એટલે એની સેવા ધર્મ, કર્તવ્ય, ફરજ કે સ્વભાવ બનવાને બદલે શરતી બની જાય છે. વેપાર, વ્યવસાય કે વિનિમય થાય છે, ને સેવાના બદલામાં મેવા મેળવવાના અથવા તો પૈસા, પદ ને પ્રતિષ્ઠા

મેળવવાનાં એ સ્વપ્નાં સેવે છે. એ સ્વપ્નાં સાચા ના પડે તો એને દુઃખ થાય છે. એ અશાંતિ અનુભવે છે કેટલીકવાર કાવાદાવા પણ કરે છે. ને નીતિના નિયમોને નેવે મૂકે છે. એનું આખું જીવન જટિલ થાય છે. ડહોળાઈ જાય છે. ને સમાજને માટે પણ સમસ્યારૂપ થાય છે.

માટે જ મહાપુરુષોએ કહ્યું છે કે લાલસા તથા સ્પૃહાનો ત્યાગ કરો ને સેવાનું જે પણ કાર્ય કરો તે કોઈપણ પ્રકારની પૂર્વશરતવિના, બને તેટલી નિષ્કામ રીતે, એક ધર્મ કે કર્તવ્ય માનીને કરો. એવી રીતે સેવા કરશો તો સંપત્તિ કે વિપત્તિ, હર્ષ અને શોક તથા નિંદા ને સ્તુતિમાં ચલાયમાન થયા વિના મનને સ્વસ્થ રાખી શકશો. સેવાદ્વારા તમે કેવાક પુરસ્કાર તથા પારિતોષિકની આશા રાખો છો? બીજાને મદદરૂપ થવાથી તમારા અંતરાત્માને જે ઊંડી શાંતિ મળે છે તેમજ જીવનને સફળતાપૂર્વક જીવ્યાનો જે સંતોષ થાય છે તેથી વધારે સુંદર ને મૂલ્યવાન બીજો ક્યો પુરસ્કાર છે અને એથી ઉત્તમ બીજું ક્યું પારિતોષિક છે? અંદરની સંતૃપ્તિ કે શાંતિવગર બહારનાં પાર્થિવ, પારિતોષિકો શું કામ લાગશે? માટે રાખવી જ હોય તો જેની આગળ બીજાની વિશાત નથી એ ઉત્તમ આત્મિક પુરસ્કારની જ ઇચ્છા રાખો.



# તમારા જીવનનો દોર તમારા હાથમાં લો

**કાંતિ ભટ્ટ**

(આપણે નાની નાની શારીરિક તકલીફમાં ડોક્ટરો પાસે દોડી જતા હોઈએ છીએ. પરંતુ એ ડોક્ટરો જે દવાઓ આપે છે તેની આડઅસરો ને ખોટાં પ્રિસ્ક્રીપશનોના લીધે કેટલા માણસો મરતા હશે, તે આપણે ભારતમાં જાણતા નથી. પરંતુ અમેરિકામાં એનું સંશોધન થતું રહે છે. એટલે ચોક્કસ માહિતી મળી રહે છે.

ખ્યાતનામ કટારલેખક અને અભ્યાસુ સંશોધક તરીકે જાણીતા શ્રી કાન્તિ ભટ્ટનો લેખ વાંચકોને જીવનમાં ઉપયોગી થશે, એ દૃષ્ટિએ અધ્યાત્મમાં લેવામાં આવેલ છે આશા છે કે વાંચકો તે વિષે વિચારી, પોતાના જીવનમાં ઉતારી અમલ કરશે, તો ઘણા નિવારી શકાય તેવા ખર્ચામાંથી ને નાહકની શારિરીક પીડામાંથી બચી જશે. તંત્રી)

**આત્મદીપોભવ**

તું તારા દિલનો દીવો થા ને,
રખે તું કદી ઉછીનો લેતો,
પારકાં તેજ ને છાયા,
આભના સૂરજ ચંદ્ર તારા,
આતમનો તારો પ્રગટાવ દીવો.

**—ભોગીલાલ ગાંધી**

૨૧મી સદીમાં દરેક વ્યક્તિએ પોતે જ પોતાના વૈદ બનવું પડશે. આરોગ્ય અને આહારનું જ્ઞાન જાતે લેવું પડશે. આખરે તો ઈશ્વર જ મોટો વૈદ છે એમ યંત્રવત્ બોલીએ છીએ પણ થોડીક બીમારી આવતાં ડોક્ટરો પાસે દોડી જઈએ છીએ. અહીં

હું ડોક્ટરો ને એલોપથીને બદમાન કરવા માગતો નથી પણ વાચકોને ચેતવવા માગું છું કે બીમારીમાં તમે થોડીક ચેતના જગાવો પછી ૯૯ટકા વહાલી વ્યક્તિ કે પત્ની પછી એક ટકો ઈશ્વર પર છોડો. અમેરિકામાં દર વર્ષે ૩પ૨પ૦ દર્દી હોસ્પિટલમાં મરે છે. બીજા એટલા જ ડોક્ટરની ભૂલથી મરે છે. ભારતમાં તો ડોક્ટરની ભૂલથી કેટલા મરે છે તેના આંકડા જ મળતા નથી. કાંઇ ભારતની હોસ્પિટલો જ રેઢિયાળ નથી. 'ગાર્ડિયન' નામના દૈનિકમાં ડેનિસ કેમ્પબેલ નામના હેલ્થ રિપોર્ટરે કહ્યું કે બ્રિટનની હોસ્પિટલનો ખોરાક બાળકોને વધુ માંદા કરે છે. હોસ્પિટલમાં અપાતા ખોરાકમાં ૧૦ ગણું મીઠું હોય છે. ન પચે તેવી ચરબી અને ખાંડ ૧૦ ગણી હોય છે.

તમે ગંભીર રીતે બીમાર પડો ત્યારે ડોક્ટર તો તમને હાથ લગાવતા નથી. તુરંત નિદાનના મોટા મોટા હારડા લખી આપે છે. મુંબઇમાં એક ડોક્ટર ધંધો કરવા જબ્બર એમઆરઆઇ મશીન રૂ. પોણા કરોડમાં આણ્યું. તેનો વકરો થવો જોઇએને? બીજા ડોક્ટરના ગઠબંધનથી તમારે એમઆરઆઇ ટેસ્ટમાં રૂ.૫૦૦૦માં હજામત કરાવવી પડે. પરંતુ ત્યાંથી વાત અટકતી નથી. મેં ઉનાળામાં વિવેકહીન થઇ વધુ પડતી કેરી સવાર–સાંજ–રાત ઝાપટી અને બચપનથી મારી વાયુ પ્રકૃતિ હતી તેમાં કેરી ભયંકર વાયુ કરી ગઇ. વાયુ મારા મગજમાં ચઢી ગયો. બેભાન થઇ ગયો. પાડોશી અને મિત્રોએ માન્યું કે હું મરવાની અણી પર છું. હું બધું સાંભળતો હતો. મને બેભાન અવસ્થામાંય ભાન હતું કે વાયુના પ્રકોપના જ આ ખેલ છે. હું વાયુને કારણે માત્ર સ્થિર ચાલી શકતો નહોતો મને પરાણે હોસ્પિટલમાં પાંચ દિવસ ધકેલ્યો. ત્યાં ઉપચાર તો થતા જ નહીં. ડોક્ટરોએ ધાર્યું નબળાઇ છે?(વાયુ થકી હતી) તો ૧ ડઝન બાટલા ગ્લુકોઝ



ચઢાવ્યું પછી ડોક્ટરને કંઇ ગતાગમ પડતી નથી. એક ડોક્ટર કહે કે લીવર ખરાબ છે. બીજા સહાયક ડોક્ટર કહે કે કિડની ખરાબ હશે અને માર્યા ઠાર. ટેસ્ટની પરંપરા શરૂ થઇ.

બ્લડ ટેસ્ટ, યુરીન ટેસ્ટ, લીવર અને કિડનીના ટેસ્ટ, વાયુ થકી ચક્કર આવતાં હતાં એટલે મગજનો ટેસ્ટ!

એક સ્પેશિયલ પ્લાસ્ટિકની ડાબલી આપી તે પેશાબ લઇને હિન્દુજા હોસ્પિટલ લાંબા થવાનું આવ્યું ત્યાં પણ ગઠબંધન હોય છે. મારા પેશાબનો 'કલ્ચર અને સેન્સિટિવિટી' ટેસ્ટ લેવાનો! પણ મેં એકેય ટેસ્ટ કરાવવાની ના પાડી હોસ્પિટલમાં મારી સાથે દોરડા જોડેલા તે તોડીને ઘરે આવીને મેં અને મારા ઈશ્વરે તબિયતનો હવાલો લીધો.

ઘરે આવ્યો ત્યારે ૨૯–૮–૧૧ 'ન્યૂઝવીક' પડેલું. એક અમેરિકન મેગેઝીન ડોક્ટરોના નિદાન–ઉદ્યોગને વગોવી નાંખે તે નવાઇની વાત હતી. મુખપૃષ્ઠ ઉપર જ ગજબું મથાળું હતું. 'તમારી હોસ્પિટલને કે ડોક્ટરને માત્ર એક જ અક્ષર બોલી દો તો તમે મરતા બચશો કે રૂ.૧૦ લાખથી રૂ. ૫૦ લાખના ખર્ચથી બચશો. મથાળું હતું 'વન વર્ડ 'નો'. વિલ સેવ યોર લાઇફ.' એટલે કે ન્યૂઝવીકની સલાહ હતી કે ડોક્ટરોના ડઝનબંધ ટેસ્ટને નકારી દો. બચી જશો. એ પહેલાં અતિ ગંભીર એવા ન્યુયોર્ક એકેડેમી ઓફ સાયન્સીઝ મેગેઝીન 'ધ સાયન્સીઝ'એ પણ દર્દીઓને ચેતવ્યા કે કોઇપણ પ્રકારના આધુનિક નિદાન યંત્રોની જાહેર ખબરમાં ફસાશો નહીં. સાજા સમા હોસ્પિટલમાં જશો પણ પછી સ્મશાને જશો કે વ્હીલચેરમાં ઘેર પાછા આવશો. અમેરિકન મેડલિકલ એસોસિયેશને આંકડા કાઢ્યા તો દર વર્ષે બીનજરૂરી સર્જરીને કારણે ૨૦૦૦ મોત થાય છે. મારો એક બનેવી મુંબઇમાં સાજો સમો હતો. પછી પેટમાં દુઃખાવો થયો.

ડોક્ટર કહે કે એપેન્ડીસાયટીસનું ઓપરેશન કરવું પડશે પછી અનેસ્થેસીયા—બેભાન બનાવવાની દવામાં કોઈ અણઘડ નર્સે ભૂલ કરી અને બનેવી મરેલો પાછો આવ્યો. અરે! બ્રિટનમાં જ બેભાન બનાવવાની દવાની ભૂલથી વર્ષે ૨૦૦ મરે છે.

અમેરિકન મેડિકલ એસો. ના કહેવા પ્રમાણે ૭૦૦૦મોત હોસ્પિટલોની ભૂલને કારણે અને બીજા ૨૦૦૦૦ મોત ડોક્ટરની ભૂલથી થાય છે.

અમેરિકામાંય હોસ્પિટલો એટલી ગંદી હોય છે કે હોસ્પિટલોમાં ૧૦૬૦૦૦ દર્દી ઇન્ફેક્શનથી મરે છે.

દવાની આડઅસર વગેરેથી મળીને અમેરિકમાં દર વર્ષે ૨૨૫૦૦૦ મૃત્યુ થાય છે.

ભારતને આપણે મેડિકલ કેર કે અમુક ડોક્ટરનાં સ્ટાન્ડર્ડને વગોવીએ પણ ભારત કરતાં યુરોપ—અમેરિકામાં હવે ત્યાંના ઘણા પ્રબુદ્ધ ડોક્ટરો જ તેમના મેડલિક ઉદ્યોગ જેમાં નિદાન ઉદ્યોગ રૂ.૯૦ અબજના છે તેને વખોડે છે.

ભારતમાં હવે ઠેર ઠેર જુદી જુદી તપાસની લેબોરેટરીઓ ખૂલી ગઈ છે. રૂ. ૧ કરોડથી રૂ. ૫ કરોડને ખર્ચે લેબોરેટરી ઊભી કરે પછી ઘરાક તો જોઈએને? ડોક્ટરને ટેસ્ટ માટે મોકલતા દરેક દર્દી દીઠ કમિશન મળે છે કે નહીં તે તપાસ થવી જોઈએ. મારા હૃદયનો ટેસ્ટતો લેવાયો તે બિનજરૂરી હતો. તેનું બિલ ન મળ્યું પણ લેબોરેટરીના કાર્ડ ઉપર કેશિયરે રૂ. ૬૫૦૦ની રકમ માત્ર લખી! ડાયોગ્નોસ્ટિક(નિદાન) ટેસ્ટનો ઊથલો બેંગલોરના જ રૂ. ૭૦૦ કરોડના છે. ઉપરાંત હવે હોસ્પિટલ ઉદ્યોગ ખીલ્યો છે. ચિન્નાઈમાં તો હોસ્પિટલોના શેર બહાર પડે છે. ચિન્નાઈમાં તો હોસ્પિટલ કંપનીએ ભારત અને પરદેશમાં ૯૦૦૦ પથારીની હોસ્પિટલો (૫૪) ખોલી છે.



૪૦૦૦ કન્સલ્ટન્ટ મોંઘા ભાવે રોક્યા છે તે બધા કરોડપતિ થશે. તમારે ભોગે.

'વર્થ' નામના જાગૃત મેગેઝીને માત્ર 'ક્વેસ્ટ ડાયાગ્નોસ્ટિક'સેન્ટરના આંકડા આપ્યા. અમેરિકનોને આ ધંધા માટે ક્વોલીફાઈડ ડોક્ટરો મળતા નથી. તેથી ભારતીય ડોક્ટરને ભાગીદાર બનાવ્યો. ૨૦૦૧ માં આ એક જ 'ક્વેસ્ટ ડાયાગ્નોસ્ટિક્સ'નો વકરો ૩.૬ અબજ ડોલર હતો. કોઈને જોવું હોય તો વર્થ મેગેઝીન મારી પાસે છે તેમાં આ વિગત છે. ૭૦૦ કિ.મી. દૂરના દર્દીને ડોક્ટરો ટેલિમેડિસિનની પ્રોસેસથી તપાસે છે. દર્દીનું મોઢું જોયા વગર દવાઓ આપે છે.

એમઆરઆઈ ટેસ્ટનું આખું નામ છે મેગ્નેટિક રેસોનેન્સ ઈમેજિંગ અમુક ચુંબકીય દર્શન દ્વારા નિદાન કરાય છે. એક ભાઈને માત્ર કરોડરજ્જુના નીચેના મણકામાં દુખાવો થતો હતો તેને એમઆરઆઈ ટેસ્ટ કરાવ્યો અને રૂ. ૧૩૫૦૦૦ની અડી ગઈ.

યુનિવર્સિટી ઓફ ટેક્સાસના ડો.જેમ્સ ગુડવીને દર્દીઓને ખોટી રીતે કેમ ટ્રીટ કરાય છે તેના આંકડા કાઢ્યા. તો અમેરિકામાં ૧૧.૩ કરોડ પ્રિસ્ક્રિપ્શન માત્ર દવા કંપની અને ડોક્ટરોને કમાણી માટે જ લખાયાં હતાં.

મેં એલોપેથિક ટ્રીટમેન્ટને લાત મારીને વાયુ પ્રકોપને આયુર્વેદની દવા તેમ જ આહારમાં ફેરફાર કર્યો અને હું લાખ્ખોના ખર્ચમાંથી અને મોતથી બચ્યો. જ્યારથી મેં મારા આરોગ્યની લગામ મારા હાથમાં લીધી ત્યારથી નિયમિત અઘરા વિષયો ઉપર પણ નિયમિત લખી શકું છું.

આ વાત ઉપર વાચકો શ્રદ્ધા રાખશે? હજી આપણામાંથી ઘણા ડોક્ટરના ગુલામ છીએ પણ કાઠીયાવાડી કહેવત પ્રમાણે ડોક્ટરથી થાકશે તે લોકો 'વાર્યા નહીં વળે પણ હાર્યા વળશે.'

: ફોન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

# માણસથી મોટું તીર્થ નથી કોઈ પ્રેમનું

ડૉ. શરદ ઠાકર

સાવ નાનીઅમથી, નગણ્ય, ધૂળ જેવી સામાન્ય ઘટના. સત્તરેક વર્ષનો કાળો, ઠીંગણો, સૂકલકડી કેરાલિયન છોકરો, નામે થોમસ. મુંબઈમાં એક નાનકડી ઓફિસમાં મામૂલી પગારની નોકરી કરી રહ્યો હતો. બેઠો બેઠો કાગળિયામાં ચિતરામણ કરતો હતો, ત્યાં એની નજર બારીની બહાર પડી. એક વિદેશી યુગલ ડાફોળિયાં મારતું ફૂટપાથ ઉપર ઊભું હતું. આવું તો આપણી જિંદગીમાં પણ બનતું હોય છે. આપણે ધ્યાન ન આપીએ.

થોમસ પાસે ડિગ્રી કે પૈસા નહોતા પણ હૃદયમાં ભલાઈ હતી. એ બહાર આવ્યો. કેરાલાનો હતો એટલે અંગ્રેજી જાણતો હતો. એણે પેલા પરદેશી યુગલને પૂછ્યું, 'આપ મૂંઝાયેલા લાગો છો. હું કંઈક મદદ કરી શકું?''

જવાબ : 'અમે ડેન્માર્કથી આવ્યાં છીએ. ઈન્ડિયામાં ફરવા માટે. પણ બોમ્બેમાં અમને કોઈ રસ્તો બતાવતું નથી. પૂછપરછનો જવાબ આપતું નથી. ટેક્સી કરીએ છીએ તો ડ્રાઈવર અમને લૂંટે છે. કેન યુ ટેલ અસ જસ્ટ વ્હેર શૂડ...?'

'સર્ટન્લી. વેઈટ ફોર એ મિનિટ.' કહીને થોમસ ઓફિસમાં ગયો. એક દિવસની કપાત પગારની રજા મૂકીને પાછો આવ્યો. એક ટેક્સીને ઈશારો કરીને ઊભી રાખી. પછી ડેનિશ દંપતીને વિનંતી કરી, 'બિરાજો ટેક્સીમાં...!'

આખોયે દિવસ થોમસ એ પરદેશી દંપતીની સાથે રહ્યો.



આખું મુંબઈ બતાવી દીધું. ગેટ વે ઓફ ઈન્ડિયાથી લઈને જૂહુની ચોપાટી સુધી બંનેને મહેમાનની જેમ ફેરવ્યાં. શોપિંગ કરાવ્યું. સાત્ત્વિક ભોજન જમાડ્યું. રાત પડતાંમાં તો આંખ અને હોજરી બેય તૃપ્ત થઈ ગયાં.

રાત્રે છૂટા પડતી વખતે પુરુષે થોમસને પૂછ્યું, 'કુલ કેટલો ખર્ચ થયો?' થોમસે જવાબ આપ્યો, 'તમે સવારે મારા હાથમાં સો રૂપિયાની નોટ મૂકી હતી. એમાં બધું પતી ગયું.'

ગોરો ખુશ થઈ ગયો : 'થેન્ક્સ વેરી મચ! હેવ ધીસ!' કહીને એણે એક કરન્સી નોટ છોકરાના હાથમાં મૂકી. થોમસ સમજી ગયો કે એ બક્ષિસ હતી. રાતના ઝાંખા—પાંખા ઉજાસમાં સોનો આંકડો માંડ વાંચી શકાયો. ગોરિયાએ સામે ચાલીને થોમસની ઓફિસનું સરનામું જાણી લીધું. પછી ભારત અને ડેન્માર્ક છૂટાં પડ્યાં.'

ભાડાવાળી ખોલીમાં જઈને થોમસે બક્ષિસ બહાર કાઢી. જોયું તો રૂપિયા નહોતા. સો ડોલર્સ! ઈ.સ. ૧૯૫૦ની આ ઘટના...!

★ ★ ★

ઘટનાનું ઘડિયાળ 'ટીક—કીટ' કરતું થયું. થોમસની ઓફિસને સરનામે એક પત્ર આવ્યો. લાંબું પરબીડિયું હતું. એની ઉપર 'એરમેઈલ' છાપેલું હતું. ડેન્માર્કનો સિક્કો હતો. મિ. એલેક્ઝાન્ડર લખતા હતા : 'વહાલા થોમસ, અમને યાદ કરે છે કે ભૂલી ગયો? હું અને સ્ટેલા તને યાદ કરીએ છીએ. તને બક્ષિસ આપી હતી એ ઓછી નથી પડીને?'

થોમસે જવાબ લખ્યો : 'સર, મારે બક્ષિસ નથી જોઈતી. હું તો પરસેવાનો માણસ છું. હું જો એકલપંડે હોત તો તમારા સો

ડોલર્સ મારે આખું વરસ ચાલત પણ ઘેર ગરીબ મા—બાપ છે. ઘરડાં દાદા—દાદી છે. ચાર ભાઈઓ અને ચાર બહેનો છે. બધાંની જવાબદારી છે.'

એલેક્ઝાન્ડરનો જવાબ આવ્યો : પાસપોર્ટ તૈયાર છે? ન હોય તો કઢાવી લે. વિઝાની વ્યવસ્થા થઈ જશે. ટિકિટની કે બીજા ખર્ચની ફિકર તારે નથી કરવાની. એક વાર ફરવાને બહાને અહીં આવી જા. તેં અમને બોમ્બે બતાવ્યું હતું. અમે તને ડેન્માર્ક દેખાડીશું. બક્ષિસ લીધા વગર! છેલ્લા વાક્યમાં કશો જ ટોણો કે કટાક્ષ નહોતા, હતો નર્યો પ્રેમ. એક મહિના પછી થોમસ ઊડી ગયો. સાવ નાની ઘટનાના આમ્રવૃક્ષ ઉપર બેસવાની શરૂઆત થઈ ચૂકી હતી.

★ ★ ★

'ગમ્યો અમારો દેશ? અમારું શહેર કોપનહેગન? અને અમારું ઘર?' પૂરાં ત્રણ મહિના સુધી થોમસને સ્વર્ગ જેવો અહેસાસ કરાવ્યા પછી એક સાંજે ડિનરના સમયે એલેકઝાન્ડર અને સ્ટેલાએ થોમસને પૂછ્યું.

'હા, ગમ્યું. પણ સૌથી વધુ તો તમે બંને ગમ્યાં! બસ, તો પછી તારે ઈન્ડિયા પાછા નથી જવાનું. કાયમ માટે આ દેશમાં જ..'

'પણ એ શી રીતે બને?' થોમસના દિમાગમાં સમજણ પ્રગટતી નહોતી.

'અમે તને પુત્ર તરીકે દત્તક લેવાનું વિચાર્યું છે. તું એક વાર શાંતિથી વિચારી લે. તું નવેસરથી અભ્યાસ કરી શકે છે. ધારે તો નોકરી... ધંધો...તને જેમ ગમે તેમ...' 'પણ મારા રહેવાની વ્યવસ્થાનું શું?' થોમસના મનમાં એમ કે દત્તક લેવાની વાત તો



માત્ર કાગળ ઉપરનું નાટક હતું. એને કાયદેસર ડેન્માર્કમાં વસવાટ કરવાની મંજૂરી મળે એ માટે. પણ એલેકઝાન્ડરે પ્રેમાળ સ્મિત ફરકાવ્યું. 'માય સન, અમારા દેશમાં ભલે દીકરાઓ મા—બાપની સાથે એક ઘરમાં ન રહેતા હોય, પણ.. જવા દે! એ અમારું કલ્ચર છે! પણ યુ આર અવર ઈન્ડિયન સન! તું અમારી સાથે આ ઘરમાં રહી શકીશ! રહીશને?' ડિનરટેબલની ડીમલાઈટમાં કળી ન શકાયું કે બોલનારની આંખો ટપકતી હતી? કે સાંભળનારની?

કાયદાની વિધિ આટોપાઈ ગઈ. અત્યાર સુધીમાં થોમસ એટલું જાણી ચૂક્યો હતો કે એના ડેનિશ મા—બાપને ચાર પુત્રો પહેલેથી જ હતા. એક પણ દીકરો બા—બાપની જોડે રહેતો નહોતો. શા માટે? બાપ ગરીબ હતો? ના. શહેરનો સૌથી ધનિક નાગરિક અંગત જિંદગીમાં દરિદ્ર બાપ હતો. થોમસ ત્યાં રહી પડ્યો. ત્રિચુરમાં ગરીબીમાં સબડતા પરિવારને એણે પત્ર લખીને જાણ કરી દીધી. અસલી મા—બાપના આશીર્વાદ મેળવી લીધા. પછી એ અંગત કારકિર્દીમાં વ્યસ્ત બની ગયો.

એક ચોક્કસ તબક્કે મમ્મી સ્ટેલાએ કહ્યું, 'બેટા. લગ્ન, કરીશ ને? અહીં પણ તને ઈન્ડિયન છોકરી મળી જશે અને જો તારે વતનમાંથી...'

'ના, મમ્મી! મારી ઈચ્છા નથી. કેરાલામાં આઠ ભાઈ—બહેનોને પરણાવવાનો ખર્ચ બાકી છે. અને લગ્નનો મતલબ પણ શો છે?' થોમસ આજીવન કુંવારો રહ્યો. એના ભાઈ—ભાડું પરણી ચૂક્યાં છે. પંચાવન વર્ષ પહેલાંની આ ઘટનાને અંતે આજે ત્રિચુરના એના પરિવારમાં ચાલીસ માથાં સુખેથી જીવી રહ્યાં છે. એમના સુખની દીવાદાંડી હજારો માઈલ છેટે બેઠેલા થોમસદાદા

છે. તેની ઉંમર આજે તોંતેરની થવા આવી છે.

પહેલાં સ્ટેલાનું અવસાન થયું. પછી એલેકઝાન્ડરનું. ડોસા અંતકાળે બહુ રિબાયા પણ શી સેવા કરી છે થોમસે એમની? ડોસા ગયા પછી ચારેય સગા દીકરાઓએ પિતાની વસિયત ઉપર હક દાવો માંડ્યો. અદાલતનાં બારણાં ખટખટાવ્યાં. ડેન્માર્કનો શ્રેષ્ઠ વકીલ રોક્યો. કરોડોનો મામલો હતો! જજની નજર સામે વિલ વાંચવામાં આવ્યું. આખું ચોમાસું થોમસના ભાગ્યમાં લખાયું હતું. સગા દીકરાઓ દુષ્કાળગ્રસ્ત હાલતમાં ઘરભેગા થઈ ગયા.

થોમસદાદા દસ મહિના ભારતમાં પરિવાર સાથે ગાળે છે અને બે મહિના ડેન્માર્કની હવા સૂંઘી આવે છે. એક ગરીબ, કાળો, અભણ, કેરાલિયન છોકરો આજે ધનકુબેર બનીને સુખના હીંચકે ઝૂલી રહ્યો છે. મૂળ વાત એટલી કે પંચાવન વર્ષ પહેલાં સાવ નાની ધૂળ જેવી ઘટના ઘટી હતી! પણ એથી શું? ક્યારેક ઘટનાના નાનકડા આંબા ઉપર મધમીઠી કેસર ફૂટતી હોય છે!

**(સત્ય ઘટના)**

**(શીર્ષકપંક્તિ : રમેશ પારેખ)**

❋ સંતકૃપા તણખલાને કનકવર્ણું બનાવી દે.
❋ કસરત નહીં પ્રણામ કરો.
❋ સાધક માટે ક્યાંય પૂર્ણવિરામ ન હોય.

**—મા**



# શ્રદ્ધામય પ્રાર્થના

**ડૉ. પ્રકાશ ગજ્જર**

મારી પ્રાર્થનાઓના જવાબ અચૂક આવી રહ્યા છે, એ અચળ શ્રદ્ધા સાથે હું હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું.

મારા દૈનિક જીવનના વ્યવહારોમાં અને મારાં ભાવિ સ્વપ્નોના આયોજનમાં મારી શ્રદ્ધા મને બરાબર મદદરૂપ થાય છે. એના અજવાળે મારો જીવનપથ પ્રકાશિત અને સરળ બદ્દતો જાય છે.

હું ઘેરથી બહાર નીકળ્યું ત્યારે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરું છું કે મારાં કામ સરસ રીતે પતાવીને હું પાછો આવીશ. મારાં સ્વજનોને પણ સલામતી, સફળતા અને શાંતિના આશીષ સતત મળતા રહેશે એવી મારી પ્રાર્થના હોય છે.

પરમાત્મા મારા જીવનમાં ક્રિયાશીલ છે એ શ્રદ્ધા સાથે હું મારાં સ્વપ્ન અને અપેક્ષાઓને મારી પ્રાર્થનાઓમાં પ્રગટ કરું છું. પરમાત્માની વિરાટ ચેતનાશક્તિ મારા હૃદયની તમામ ઉચિત ઈચ્છાઓ પૂરી કરે જ છે.

મને સમજાઈ ચૂક્યું છે કે શ્રદ્ધા એટલે આશા રાખેલી વસ્તુઓ મળવાની ખાત્રી, અને જે અદૃશ્ય છે એ પણ પ્રાપ્ત થવાનું જ છે એવો અચળ વિશ્વાસ, મારા અંતરતમમાં આ શ્રદ્ધા એક ઊંડી સમજણ પ્રગટાવે છે. માટે જ તો મારી અંદર અખંડ ધીરજ ધમધમતી રહે છે. હું મારાં દૈનિક કાર્યો કરું, ફરજો બજાવું, મારાં સ્વપ્નને સાકાર કરવાનો પ્રયાસ કરું, મારાં સ્વજનો માટે તેમજ આખા વિશ્વ માટે સફળતા અને સર્વાંગી

સુખની પ્રાર્થના કરું ત્યારે મારી શ્રદ્ધા સફળ થશે જ એવો મારો ભાવ ઉત્તરોત્તર વધારે સુદૃઢ થતો જાય છે. શ્રદ્ધામય પ્રાર્થના દ્વારા હું ઈશ્વરીય શક્તિને મારા જીવનમાં પ્રાયોજિત કરું છું.

**અન્ય માટે પ્રાર્થના**

જ્યારે હું કોઈ વ્યક્તિ માટે પ્રાર્થના કરું ત્યારે મને અંદાજ પણ ના આવે એવા અતિવિસ્તૃત પ્રમાણમાં પ્રાર્થનાનો પ્રભાવ ફેલાતો હોય છે. પહેલી વાત તો એ છે કે અન્યને માટે પ્રાર્થના કરું ત્યારે મારામાં એ સમજણ પણ વિકસવા લાગે છે કે વાસ્તવમાં તો આપણી પોતાની સર્વ જરૂરિયાતોની પરિપૂર્તિ પણ ઈશ્વર જ કરતો હોય છે. આ રીતે ઈશ્વર સાથેનો મારો સંબંધ વધારે ઊંડો અને સુદૃઢ થવા લાગે છે.

મારાં સ્વજનમાં ઈશ્વરીય ચેતના ક્રિયાશીલ છે એવો ભાવ મારી પ્રાર્થનામાં પ્રગટે ત્યારે ખરેખર તો મારા જીવનમાં પણ એ દિવ્ય ચેતના જ છે એવી જાગૃતિ મારા મનમાં વધારે સબળ બનવા લાગે છે. અન્યને એમના જીવનમાં પ્રભુનો પ્રેમ મળે એવી પ્રાર્થના કરતાંની સાથે હું પોતે પણ એ દિવ્ય પ્રેમ પ્રતિ સજાગ બનું છું. આ જ રીતે સમૃદ્ધિ, સફળતા, શાંતિ કે અન્ય કોઈ આવશ્યકતાની પૂર્તિ માટે કરવામાં આવેલી પ્રાર્થના આપણને એ સર્વના મૂળ સમા ઈશ્વર પ્રતિ વધારે જાગૃત કરે છે.

સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ માટેની પ્રાર્થના અન્યની સાથે સ્વયં આપણા માટે પણ એક સબળ સાધના બની રહે છે. પરમાત્મા વિષે વધારે સજાગ બનીએ, એની અપરંપાર શક્તિઓનો વધારે ખ્યાલ આવે, એ હકીકત પોતે જ એક અજબ ઊર્જા પ્રગટાવે છે. આ સમજ સાથે હું મારા માટે ને અન્યને માટે પણ પ્રાર્થના કરતો રહું છું.



# પ.પૂ.શ્રી સર્વેશ્વરીની પનામા—યાત્રા

(ગતાંકથી ચાલુ) —મા સાર્વેશ્વરી

કદાચ અનંત જન્મોથી શ્રી હરિએ પોતાની યોજનામાં પનામાનું નામ નોંધી રાખ્યું હશે તો જ એ જ રીતે અનુકૂળતા, એ જ રીતે સાત્ત્વિક નિમિત્ત અને એ જ રીતે જીવનનો પ્રવાહ વહેતો રહેને!

હે હરિ તારી જ ઇચ્છાથી આ થઇ રહ્યું છે. આજે બીજો દિવસ. એટલી જ સંખ્યા.

નાના નાના ૧૦ થી ૧૫ વર્ષની ઉંમરના ૫૦—૬૦ બાળકો મા સાથે પૂરા પ્રણામ કરે છે. શાંતિથી શિસ્તબદ્ધ બેસે છે. પ્રશ્નોત્તરી આજે પણ થઈ.

**પ્રશ્નો :** (૧) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા તેને મીટાવવા શું કરવું?

(૨) આપ કેટલા કલાક નિદ્રા લો છો? નિદ્રાનો ત્યાગ કરવા શું કરવું?

ઉત્તરો આપવાની જવાબદારી પણ જાણે શ્રી હરિની જ છે.

તરત જ સ્લેટમાં પેન ચાલવા માંડે છે. કદાચ શ્રી હરિને પણ માની આબરૂ વ્હાલી લાગે છે. તો જ તે તરત જ પ્રત્યુતર પણ લખવા જ માંડે છે.

**ઉત્તર :** (૧) હરિ કરે, હરિ કરે. એ ગાવા માંડો. હું કરું, હું કરું ને બદલે મમત્વનો વિસ્તાર વધતા અહંમ ઘેરી વળે છે. સમજપૂર્વક હટાવવો પડે.

(૨) પ્રેમ હોય ત્યાં ઉંઘ ઉડે. પ્રેમ વધતાં મીરાએ ગાયું—

સખી મેરી નિંદ ન સાની હોય,
સૂલી ઉપર સેજ હમારી,
કીસવિધ સોના હોય.
ગગન મંડલ પે સેજ પિયાકી,
કિસવિધ મિલના હોય.

પ્રેમ વધતા ઉંઘ ઉડશે. ઉંઘનો પણ ઉપયોગ ભક્ત હરિસ્મરણમાં કરી લે. સાથે સાથે સંસારના બધા જ કર્તવ્યો શ્રેષ્ઠ રીતે બજાવે, સેવા પણ કરે ને સ્મરણ પણ કરે.

**પ્રશ્ન :** (૩) હું ધ્યાન કરું છું પણ ઈષ્ટદેવનું ચિત્ર માંડ એક–બે સેકન્ડ સ્મૃતિમાં રાખી શકું છું. શું કરવું જોઇએ? બીજા જ ચિત્રો ચાલુ થઇ જાય છે.

**ઉત્તર :** આંખ ઉઘાડી દો. સામે ઈષ્ટદેવનું સ્વરૂપ રાખો. દેવનાં નેત્રના દર્શન કરો. ને સાથે સાથે પ્રાર્થના કરો. પ્રભુ મારા નેત્રને આપના દર્શન કરવાની શક્તિ આપો. મુખના દર્શન કરો ને પ્રાર્થના કરો. પ્રભુ આપના જેવી મધુરવાણી આપો. વરદ હસ્તના દર્શન કરો ને પ્રાર્થના કરો મને પણ સારા કાર્યો કરવાની શક્તિ આપો.

આ રીતે પ્રાર્થના સાથે ધ્યાન–સાકાર ધ્યાન કરી શકાય. આજે જેમણે પ્રણામ કર્યા તે બધા જ બાળકોને મા ચોકલેટ આપે છે.

દિવ્યેશભાઇને જરાક જ ઈશારો કર્યો કે પ્રણામ કરનારાને કંઇક આપીએ તો તરત જ એક બોક્ષ ચોકલેટનું લઇ આવે છે. ઉદારદિલનો નમ્ર સેવક યુવાન છે. પ્રભુની કૃપાથી આવા યજમાન મળે.

આજે કાર્યક્રમ યથાવત રહ્યો. શ્રી સુરેશભાઇ શાહે પોતાના



ઘણા જૂના સ્મરણો રજૂ કર્યા. એક કલાક સુધી શ્રોતાવર્ગ ધીરજ રાખીને શાંતિથી વાર્તાલાપ સાંભળે છે.

સર્વરોગ નિદાન યજ્ઞની ડી.વી.ડી. અહીં ના ચાલી જેથી થોડીક વાતો કરી, એ કાર્યક્રમ બંધ રાખ્યો.

આજે ગીતા શાહ માત્ર ૩ દિવસ બાકી છે છતાં આવે છે. શ્રદ્ધાભક્તિ વિના કોણ આવે?

પનામાનો આ દેશ દૂર દૂર આવેલો છે છતાં અહીં ૬૦ ભક્ત સમાજના, ૧૦૦ પાટીદારો, ૧૦૦ આહીર સમાજના ગુજરાતીઓ વસે છે.

એટલે અહીં સમાજનું મંદિર અને સમાજનો હોલ પણ છે. અહીં ૫ દિવસના પર્વમાં મા માટે હોલમાં અલગ જ કાયમી લાલ રંગની પગદંડી છે. વળી સરસ રંગોળી પણ છે. સર્વ પ્રકારે અનુકૂળ છે. હે હરિ તારી કૃપાને પ્રણામ.

**તા. ૩–૦૮–૦૫ પનામા**

આજે જરા ડાબા પગે માની સામે સત્યાગ્રહ કર્યો. એ પગને આંચકો આવી ગયો હશે એટલે વેદનાની પ્રસાદી ઘેરી વળી. એટલો મોટો સત્યાગ્રહ કે આજે પ્રથમ બેઠકમાં જ ના જઇ શકાયું.

પગલું ભરે તો જવાય ને. છતાં અહીં નિવાસમાં ૨૭૧ પ્રણામ તો થયા જ. ૪–૫ વિશ્રામ સાથે પણ થઇ શક્યા. પ્રભુને જ નિયમ પળાવવો હોય તો કોઇપણ સંજોગોમાં તે નિયમ પળાવે જ.

વેદનાનો પ્રસાદ તીવ્ર પરાકાષ્ઠા બતાવતો હતો ને પ્રણામ પછી થોડીક હળવી થઇ છેવટે ૧૧ વાગે જઇ શકાયું.

શ્રી હરિ વેદનાનો થાળ પણ ધરે ને પાછો હાશનો પણ ધરે જ.

શ્રી કંચનબેન આ માનું બધું જ જોયા કરે. આજે કહે મા તમે કોઇકની વેદના લીધી હશે તો જ બધા હોલમાં મસ્ત બનીને જીવે છે.

અચાનક અતિ વેદના ને અચાનક બીજે દિવસે હળવાશ. એટલે મા હસતા હસતા લખે કે ઢોંગ કરતા લાગે છે મા! પાછાં મા લખે : ઢોંગ તો નથી જ પણ વેદના પણ ભારે હતી. પગ જ ના મૂકી શકાય.

સવારે ૧૦ સુધીમાં તો ફેર પડ્યો. ધીરે ધીરે થોડું ચાલી પણ શક્યા ને ૧૧ વાગે હોલમાં પહોંચી પણ ગયાં.

૨૫૦ સંખ્યા આજે પણ હતી. ઉમેશ, ધ્રુવ સરસ ધૂન ગાઇ રહ્યા હતા.

ધૂન પછી શ્રી જગુભાઇએ યાત્રાના થોડા પ્રસંગો કહ્યા. એક આગવી દૃષ્ટિથી માની સાથે યાત્રા કરીને આજે માને મળેલા વિવિધ વિદેશીભાઇઓની વાતો કરે છે.

**પ્રશ્નોત્તરી :**

નાનકડો ૧૨ વર્ષનો અર્જુન ૩ પ્રશ્નો લખીને પૂછે છે. અંગ્રેજીમાં અને બીજા બે પ્રશ્નો પણ નાનકડો જય અને કુશ પૂછે છે.

(૧) મૃત્યુ પછી આત્મા ક્યાં જાય છે?

(૨) સ્વર્ગ અને નરક ક્યાં છે? સાચા છે?

(૩) ભગવાનના દર્શન માટે સાધના કરવી જ પડે?

(૪) તમે પ્રભુના આદેશથી મૌન પાળો છો? તમને સાંભળવા માટે સૌ ઇચ્છે છે તો કેમ મૌન પાળો છે? જેવા પ્રશ્નો વંચાય એટલે સ્લેટ ચાલવા માંડે છે.



**ઉત્તર (૧) :** ગીતામાં કહ્યુ છે :

સુવાસ કોઇ ફૂલની પવન લઇને જાય,
તેમ જીવ આ અંગથી મૃત્યુ સમયે જાય.

ક્યાં જાય? જેવાં જેનાં કર્મો તે તે ફળો તેને દોરે. ફળ ભોગવે પછી જ કર્મોથી મુક્ત બને.

**ઉત્તર (૨) :** સ્વર્ગ અને નરક અહીં જ છે. સારા કામ કરો, સારા વિચાર કરો, સારા બનો એટલે સ્વર્ગ, ખરાબ કામ કરો, ખરાબ વિચાર કરો, ખરાબ બનો એટલે નરક.

શિવપુરાણ અને ગરુડપુરાણમાં એવી વાતો આવે છે, શાસ્ત્રમાં એના વર્ણનો છે.

**ઉત્તર (૩) :** જમવું હોય તેમણે ટેકરો ચઢીને મંદિરમાં જવું જ પડેને? પનામા આવવું હોય તો માત્ર બોલ્યા કરો કે પનામા જવું છે, પનામા જવું છે કે નકશામાં જોયા કરો એટલે કંઇ પનામા ના પહોંચી જવાય. બુકીંગ કરાવવું પડે. ટિકીટ લેવી પડે, પ્લેનમાં બેસવું પડે, પ્લેન અહીં લેન્ડ થાય તો ઉતરવું પડે તો પનામા પહોંચાય.

એ રીત પ્રભુનું દર્શન કરવું હોય તેમણે સાધનાનો પરિશ્રમ કરવો જ પડે.

**ઉત્તર (૪) :** (તમે પ્રભુના આદેશથી મૌન રાખો છો?) મૌનમાં ઘણી શક્તિ છે માટે મા મૌન રાખે છે. તને પણ મમ્મી વઢે ત્યારે તું પણ મૌન રાખજે.

પ્રશ્નોત્તરીમાં ૨૦—૨૫ મિનિટ પૂર્ણ થઇ સૌ ભોજન માટે વિદાય થયા છે.

સાંજે ૪—૩૦ ની બેઠકમાં મા ફરી હાજર થઇ શક્યાં,

બપોરે નયના અને જગદીપ મળે છે. મા સવારે ન આવ્યા તેથી ચિંતા થઈ છે.

મા તેમની સાથે ૧૫—૨૦ મિનિટ ગાળે છે.

નયના કહે અમે પણ હવે સત્સંગ કેન્દ્ર શરૂ કર્યું છે. અમને પણ હવે બધા કાગળો મોકલવા પડે.

જગદીપ કહે સ્વર્ગારોહણના સંદેશાનું ચોથું પૃષ્ઠ ગમ્યું, સૌને જગાડનારું છે.

શ્રી વિનોદભાઈને શ્રી ભગવાનજી પણ ૮—૩૦ વાગે ઉતારા ઉપર આવી ગયા. જે નજીકના સ્વજન સેવકો છે. તેમને ચિંતા થાય જ કે મા કેમ ના આવ્યા?

આજે ૪—૩૦ ની બેઠકમાં પૂ. શ્રીનું પદ ગવાતું હતું પછી રંજનબેન લાડ એક ધૂન ગવડાવે છે. મા પેલી એલીન પાસે પણ ૐ યોગેશ્વર રક્ષમામ્, મા સર્વેશ્વરી પાહિમામ્‌ની ધૂન ગવડાવે છે.

એ ધૂન પછી પનામાના બાળકોનો કાર્યક્રમ ૧ પ્રાર્થના, ૧ ગરબો, ૧ નાનકડું નાટક. ત્રણે કાર્યક્રમ સરસ હતા. નાનાં બાળકો સરસ રજૂ કરે છે.

યજમાન શ્રી ગુલાબબેને પૂ. શ્રી ના શ્રી મુખે પૂ. શ્રીનો અને માનો પરિચય સરસ રીતે નાટકમાં વણી લીધો અને પનામાના ગૃહસ્થી ભાઈ શ્રી ઈશ્વરભાઈ ભક્તે સરસ રીતે પૂ. શ્રીનો અભિનય ભજવી બતાવ્યો. એકપણ ભૂલ વિના એમણે સાચે જ શાંતિથી પોતાનો પાઠ ભજવ્યો.

આજે મેડીકલ કેમ્પની ડી.વી.ડી. બતાવી. શ્રી જગુભાઈએ એની સાથે અહેવાલ આપ્યો. જગુભાઈએ ત્રણ કેમ્પમાં હાજરી



આપી છે. જેથી સરસ રીતે રજૂ કરી શકે છે.

આજે શ્રી ગુલાબબેન ભક્ત માત્ર ૨૦ મિનિટમાં માનો અદ્‌ભુત પરિચય દૃષ્ટાંતો સાથે આપ્યો.

એ ભક્ત વરસોથી મેમ્ફીસમાં વસે છે. વરસોથી એક સરખો ભાવ છે. એમનો વાર્તાલાપ સાચે જ ખૂબ સરસ હતો. જાણે એમની વાણીમાં શ્રી હરિ ઈચ્છાનો એક પ્રવાહ અસ્ખલિત વહેતો જોવા મળે.

આજે અહીંથી ૩૦૦ માઈલ દૂર ચિત્રે નામનું સ્થાન. ત્યાંથી ૩૦—૩૫ ભાઈ—બહેનો ખાસ સત્સંગનો લાભ લેવા આવ્યા છે.

માએ કહ્યું ચિત્ર નહીં ચિત્રકુટ જ્યાં ભગવાન રામ વસે.

તમે બધા પ્રેમથી આવ્યા અમને ગમ્યું પણ વ્યસનોનું શું છે?

છોડવા પ્રયત્ન કરો. પ્રભુ મદદ કરશે.

ચિત્રકુટના એ સૌને મા વિશેષ પ્રસાદ આપે છે. તે સૌ ચિત્રકુટ પધારવા માને આમંત્રણ આપે છે.

પનામાની એક વિશેષતા અહીં વિશાળ યુવાન—યુવતીઓ માની નજીક આવવા આતુર છે. માને પણ એ વાત વધાવવા જેવી લાગે છે. માટે મા કહે છે મા જ તમારી સાથે રહેવા આવે?

માને એમના જીવનમાં પ્રવેશવાની જાણે એ આમંત્રણ પત્રિકા છે.

હે હરિ તારી સર્વત્ર આમંત્રણ પત્રિકા વંચાયા કરે. આમંત્રણ સ્વીકારવાની શક્તિ મળ્યા કરે. એ જ પ્રાર્થના.

પ્રણામ, પ્રણામ, પ્રણામ.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'તે તો પછી કહીશ, પણ સૌથી પહેલાં તો આ ચંદનથી મારા શરીરને સુશોભિત કરું.'

'અને મારા શરીરને પણ' બળરામ બોલી ઊઠ્યાં.

કૃષ્ણે એના હાથનું ચંદન લઈ લીધું.

બંને ભાઈઓએ એ પોતાના શરીરે લગાડ્યું.

કુબ્જાનું મુખ ઉદાસ બની ગયું. એ જોઈને કૃષ્ણે મધુર સ્વરે જણાવ્યું:

'કંસના કોપની કલ્પનાથી તું નકામી ઉદાસ બની છે. તેં આ સૌંદર્યનાં પ્રસાધનોને પ્રદાન કરીને મારી સેવા કરી છે. એ મહામૂલી અવિસ્મરણીય સેવાના બદલામાં હું તને નવું સ્વરૂપ તથા નવું સૌંદર્ય પ્રદાન કરું છું.'

'નવું સ્વરૂપ તથા નવું સૌંદર્ય?' કુબ્જાને કોઈ સમજ ના પડી.

કૃષ્ણે એના વિસ્મયમાં વધારો કરતાં કહ્યું:

'હા. તદ્દન નવું જ સ્વરૂપ અને નવું સૌંદર્ય. મેં તને સુંદરી કહીને સંબોધન કર્યું છે તો એ સંબોધન સાચું ઠરવું જોઈએ.'

'એટલે? તમે કોઈ જાદુગર છો ને જાદુ કરવા માગો છો?'

'જાદુ કરવા નથી માગતો, શક્તિનો પ્રયોગ કરવા માગું છું. હું કોઈ જાદુગર નથી, કૃતજ્ઞ અથવા સેવાનું પારિતોષિક આપનાર પ્રેમી છું. તને કેવળ પારિતોષિક આપી રહ્યો છું.'

કુબ્જા કૃષ્ણને આશ્ચર્ય સાથે જોઈ અને સાંભળી રહી. પરંતુ



એના આશ્ચર્યની પરવા કર્યા વિના કૃષ્ણે એના પગ પર મૂકીને એની હડપચીને ઉપર ઉઠાવી તો તરત જ એક આશ્ચર્ય થયું.

કુબ્જાનું સમસ્ત શરીર એ અસાધારણ સ્પર્શથી સુરૂપ અને સીધું બની ગયું.

કુબ્જા એ જોઈને અતિશય આશ્ચર્યચકિત બની ગઈ. એની વાણી થોડા વખતને માટે થંભી ગઈ. શું બોલવું તેની એને સમજ જ ના પડી.

આખરે એને વાચા ફૂટી. પોતાના હૃદયની ઊર્મિઓને પ્રકટ કરવાનો પ્રયત્ન કરતાં એ બોલી:

'તમે મારા પર ઘણો મોટો, અમૂલખ ઉપકાર કર્યો છે.'

કૃષ્ણે હસીને કહ્યું:

'મેં તો કેવળ મારું કર્તવ્ય જ બજાવ્યું છે.'

છતાં પણ તમારા આ ઉપકારનો બદલો મારાથી કેમે કરીને નહિ વાળી શકાય. તમે મને નવું જીવન પ્રદાન કર્યું છે. તમારો આભાર ક્યા શબ્દોમાં માનું તે નથી સમજાતું. તમે મને સાચેસાચ સુંદરી કરી દીધી છે. તમારી શક્તિ મને છેક સાધારણ લાગતી'તી પણ એ કેટલી બધી અસાધારણ છે તેની પ્રતીતિ થઈ. તમે માનવ ના હોઈ શકો-નથી. પરંતુ માનવોત્તમ છો. તે સિવાય તમારી અંદર આવી લોકોત્તર શક્તિ હોઈ જ ના શકે. તમારા આ અસાધારણ અનુગ્રહથી મારો આત્મા કૃતાર્થ થયો છે ને મારું અંગેઅંગ આનંદના અલૌકિક અર્ણવમાં અવગાહન કરી રહ્યું છે. મેં ના જોયેલું જોયું ને ના અનુભવેલું—અરે જેને અનુભવવાની આશા જ ન હતી અનુભવ્યું છે. તમારા શબ્દોમાં હવે મને લેશપણ શંકા નથી લાગતી. તમે જે ધારો તે બધું જ કરી શકો તેમ છો. મારા તમને સૌથી પહેલાં તો પરમ

પૂજ્યભાવે પ્રણામ છે.'

કુબ્જાએ કૃષ્ણને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

એની આંખ ભરાઈ આવી.

એ પ્રણામમાં એનું સમસ્ત અંતર અનુરાગમય બનીને ઢળી પડ્યું.

એ અતિશય વિનયયુક્ત સ્વરે બોલીઃ

'મારી એક પ્રાર્થના પણ છે.'

'ક્યી પ્રાર્થના?'

'મને નવજીવન પ્રદાન કરનારને હું કદીકાળ નહિ ભૂલી શકું. એનું સ્વાગત કરવા અને એને મારે ઘેર મારા અતિથિ તરીકે લઈ જવા માટે મારું અંતર ઉત્સુક છે. તમે વિપળનાય વિલંબ વિના અત્યારે જ મારે ઘેર ચાલો ને મને તમારી સેવા કરવાનો અવસર આપો. તમારી સેવાનો સુઅવસર સાંપડવાથી હું મારી જાતને કૃતાર્થ માનીશ.'

કૃષ્ણે કુબ્જાને પગથી મસ્તક સુધી નેહપૂર્વક નિહાળીને કહ્યુંઃ

'સુંદરી, તારા આમંત્રણ માટે તારો આભારી છું. એ આમત્રણની પાછળ જે પ્રેમ છે એ પ્રેમને સમજી શકું છું ને એની કદર કરું છું. તારા જેવી રૂપસુંદરીના આમંત્રણને પાછું ઠેલવાની શક્તિ કોનામાં હોય? એ આમંત્રણનો સ્વીકાર કરું છું. તારા અતિથિ બનતાં મને આનંદ થશે. હું તારો અતિથિ જરૂર બનીશ. પરંતુ એને માટે તારે થોડીક પ્રતીક્ષા કરવી પડશે. હાલ તો હું અતિશય જરૂરના કામે જઈ રહ્યો છું. મથુરામાં આવવાનો મારો ઉદ્દેશ જુદો છે. એ ઉદ્દેશને એક નિમીષને માટે પણ નથી ભૂલી શકું તેમ. એની સિદ્ધિ ના થાય ત્યાં સુધી બીજા કોઈ પણ કાર્યમાં



મારા મનને નથી લગાડી શકું તેમ.'

કુબ્જા પ્રસન્ન બનીને બોલીઃ

'કર્તવ્યની આવી નિષ્ઠા તમારા જેવા મજબૂત મનોબળવાળા વીર પુરુષશ્રેષ્ઠમાં જ હોઈ શકે. જે પોતાના મન, પોતાની ઈન્દ્રિયો અને પોતાના સ્વભાવના ગુલામ હોય એવા ચંચળ ચિત્તના મોહાતુર માનવોના મુખમાંથી આવા સુંગર શબ્દો ભાગ્યે જ નીકળી શકે. આ શબ્દો તમારી નિર્મોહવૃત્તિ અથવા અનાસક્તિના સૂચક છે. તેને માટે તમને ખરેખર ધન્યવાદ ઘટે છે. તમારો આ ઉત્તર સાંભળીને મારો તમારો માટેનો પ્રેમ તથા પૂજ્યભાવ વધી પડ્યો છે. તમારા પવિત્ર પદાર્પણથી મારું ઘર પવિત્ર બનશે. એ ધન્ય ક્ષણને હું ચાતકની પેઠે પ્રતીક્ષા કર્યા કરીશ.'

રતિસમાન રૂપવતી રૂઢિયાળી કામણગારી કુબ્જા ગદ્ગદ બની ગઈ.

કૃષ્ણ એને આશ્વાસન અને આશીર્વાદ આપીને આગળ ચાલ્યા ત્યારે એ મંત્રમુગ્ધ થઈને એમના તરફ જોઈ રહી.

**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.